CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શીખવાની કળા



જે. કૃષ્ણમૂર્તિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Gujarati Translation of 'On Learning'

Copyright for the Original English Text : © 1987, Krishnamurti Foundation of America
Copyright for the Translated Gujarati Text : © 2006, Krishnamurti Foundation of India

Original English Title : On Learning, (Life Ahead : To Parents, Teachers and Students)
Translated Gujarati Title : Seekhwani Kala

Translated into Gujarati by : Shri Arvindbhai Desai

Published with Permission from :
Krishnamurti Foundation India, Sahyadri Education Centre, Pune

Second Print : Aug. 2007

Copies : 1000

Published by : Shri Arvind Desai
5, Theosophical Hou. Society,
Nr. Vijaya Char Rasta, Navrangpura,
Ahmedabad-380 09.

Printed by : Rakesh K. Desai
Chandrika Printery
Mirzapur Road,
Ahmedabad 380001

Price : Rs. 10/-

Dr. Urmila Sharma Collection, Varanasi

૫.૧ CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શીખવાની કળા

જે. કૃષ્ણમૂર્તિ

અનુવાદ : અરવિંદ દેસાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રીજી આવૃત્તિ

શીખવાની અભિપ્સા હોવી એ પણ પ્રભુનું વરદાન જ કહેવાય. પશુપક્ષીના જીવનમાં શીખવાની ક્રિયા સ્વાભાવિક છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી શીખતા રહેનારને જીવનભર્યું ભર્યું લાગે છે. જે કૃષ્ણામૂર્તિ, શ્રી વિમલા ઠકાર, રવિન્દ્રનાથ ટાગોર ઈ.એ જીવી બતાવ્યું. જીવન વિજ્ઞાનનો વિકાસ, શીખવાની અભિપ્સાને કારણે વિકસિત થતો રહ્યો. યુવકો, શિક્ષકોનો સારા પ્રતિસાદને પરિણામે ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે એ શુભ સંકેત છે.

આશા છે શીખવાની કળા વિકસિત થતી રહેશે ને એ રીતે જીવન વિકસિત થતું રહેશે.

ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં શ્રી પ્રફુલ્લભાઈ પટેલનો સહયોગ પ્રેરણા દાયક છે. એ માટે એમનો તથા સહયોગી મિત્રોનો આભાર. પ્રભુ સૌને શીખતા રહેવાની પ્રેરણા અને શક્તિ આપો.

– અરવિંદ દેસાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનનો આનંદ શીખતા રહેવામાં !

જ્યાં સુધી શીખવાનું ચાલુ રહે છે ત્યાં આનંદનું અસ્તિત્વ છે. જીવનયાત્રાના અનેક પડાવોમાં જીવન શિક્ષણના સંકેતો સાંપડ્યા ને આમ યાત્રા ચાલતી રહી.

જીવન સંધ્યાએ "શીખવાની કળા" - હિંદીમાં **"सीखने की कला"** - જે કૃષ્ણમૂર્તિ ના અનુવાદની થઈ, ને અનુવાદ કરતા કરતા નીચેના સ્ફુરણા-ભાવો અનુભવ્યા જે વાંચકો સાથે વહેંચવા ગમે.

ગાગરમાં સાગર - થોડામાં ઘણું - શરીરરૂપી ગાગરમાં સાગરને "આત્મદીપો ભવ" ના સૂત્ર દ્વારા જીવનના અંધકારને દૂર કરવાનું શીખાય. શીખવાનું શક્ય ક્યારે બને? શીખવાનું શરૂ ક્યારે, ક્યાંથી થાય - શીખવાનું થાય છે કે શીખવું એ જ સહજ ક્રિયા છે એ સમજવું ઉપયોગી બને. શીખવામાં અવરોધ ક્યારે આવે ? શીખવું શરૂ કેવી રીતે થાય ? શીખવાની ઈચ્છા, જિજ્ઞાસુઓ માટે શોધ સજગતાની જ્વાળા છે. શોધમાં રહેનારને આ પુસ્તિકા પ્રેરણાદાયી બની શકે.

અગાઉ જે. કૃષ્ણમૂર્તિ પ્રજ્ઞા પરિષદ, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, રાજઘાટ, વારાણસી તરફથી આ પુસ્તિકા હિંદીમાં **सीखने की कला** ના નામે પ્રકાશિત થઈ હતી તેનો આ ગુજરાતી અનુવાદ છે. આ અનુવાદ ગુજરાતીમાં પ્રકાશિત કરવાની મંજૂરી કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન - ઈન્ડીયા, સહયાદ્રી એજ્યુકેશન સેન્ટર, પૂના તરફથી મળી છે તે માટે તેમનો આભારી છું. શ્રી કિશોર ખેરનારના સક્રિય સહયોગથી આ કાર્ય સરળ બન્યું, તે માટે તેમનો પણ આભારી છું. જીવનપ્રેમી જિજ્ઞાસુ મિત્રો તરફથી આર્થિક સહયોગ મળવા માટે તેમનો પણ આભારી છું.

બીજી આવૃત્તિ અતિ ટૂંકાગાળામાં છપાવવાની જરૂરિયાત ઊભી થઈ, એ કેળવણીમાં રસ ધરાવતા કેળવણીકારો તથા શિક્ષકોના કેળવણી પ્રતિ જાગરૂકતાનું પરિણામ છે. શિક્ષકો તથા વાલીઓનો પ્રતિસાદ ઉત્સાહ પ્રેરક છે. કેળવણીની સંસ્થાઓમાં આ પુસ્તિકાની માંગ વધતી જાય છે એ કાર્યને માટે પ્રેરણારૂપ છે.

જાગરૂક નાગરિકોના આર્થિક સહયોગે પણ કાર્યને વેગ આપ્યો છે. આશા છે અહિંસક સમાજના નિર્માણ માટે મથનારા શિક્ષકો, વાલીઓ સૌ કોઈને માટે આ પુસ્તિકા પથદર્શક બની રહેશે.

આશા છે વાંચકોને આ નાનકડા ગાગરમાં સમાયેલ સાગર, તૃષા સંતોષશે જેથી જીવનયાત્રા આનંદમય બની રહે.

૧૫, ઓગષ્ટ, ૨૦૦૭ અરવિંદ દેસાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રીજી આવૃત્તિ

શીખવાની અભિપ્સા હોવી એ પણ પ્રભુનું વરદાન જ કહેવાય. પશુપક્ષીના જીવનમાં શીખવાની ક્રિયા સ્વાભાવિક છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી શીખતા રહેનારને જીવનભર્યું ભર્યું લાગે છે. જે કૃષ્ણામૂર્તિ, શ્રી વિમલા ઠકાર, રવિન્દ્રનાથ ટાગોર ઈ.એ જીવી બતાવ્યું. જીવન વિજ્ઞાનનો વિકાસ, શીખવાની અભિપ્સાને કારણે વિકસિત થતો રહ્યો. યુવકો, શિક્ષકોનો સારા પ્રતિસાદને પરિણામે ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે એ શુભ સંકેત છે.

આશા છે શીખવાની કળા વિકસિત થતી રહેશે ને એ રીતે જીવન વિકસિત થતું રહેશે.

ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં શ્રી પ્રફુલ્લભાઈ પટેલનો સહયોગ પ્રેરણા દાયક છે. એ માટે એમનો તથા સહયોગી મિત્રોનો આભાર. પ્રભુ સૌને શીખતા રહેવાની પ્રેરણા અને શક્તિ આપો.

- અરવિંદ દેસાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનનો આનંદ શીખતા રહેવામાં !

જ્યાં સુધી શીખવાનું ચાલુ રહે છે ત્યાં આનંદનું અસ્તિત્વ છે. જીવનયાત્રાના અનેક પડાવોમાં જીવન શિક્ષણના સંકેતો સાંપડ્યા ને આમ યાત્રા ચાલતી રહી.

જીવન સંધ્યાએ "શીખવાની કળા" - હિંદીમાં **"सीखने की कला"** - જે કૃષ્ણમૂર્તિ ના અનુવાદની થઈ, ને અનુવાદ કરતા કરતા નીચેના સ્ફુરણા-ભાવો અનુભવ્યા જે વાંચકો સાથે વહેંચવા ગમે.

ગાગરમાં સાગર - થોડામાં ઘણું - શરીરરૂપી ગાગરમાં સાગરને "આત્મદીપો ભવ" ના સૂત્ર દ્વારા જીવનના અંધકારને દૂર કરવાનું શીખાય. શીખવાનું શક્ય ક્યારે બને? શીખવાનું શરૂ ક્યારે, ક્યાંથી થાય - શીખવાનું થાય છે કે શીખવું એ જ સહજ ક્રિયા છે એ સમજવું ઉપયોગી બને. શીખવામાં અવરોધ ક્યારે આવે ? શીખવું શરૂ કેવી રીતે થાય ? શીખવાની ઈચ્છા, જિજ્ઞાસુઓ માટે શોધ સજગતાની જવાળા છે. શોધમાં રહેનારને આ પુસ્તિકા પ્રેરણાદાયી બની શકે.

અગાઉ જે. કૃષ્ણમૂર્તિ પ્રજ્ઞા પરિષદ, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, રાજઘાટ, વારાણસી તરફથી આ પુસ્તિકા હિંદીમાં **सीखने की कला** ના નામે પ્રકાશિત થઈ હતી તેનો આ ગુજરાતી અનુવાદ છે. આ અનુવાદ ગુજરાતીમાં પ્રકાશિત કરવાની મંજૂરી કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન - ઈન્ડીયા, સહયાદ્રી એજ્યુકેશન સેન્ટર, પૂના તરફથી મળી છે તે માટે તેમનો આભારી છું. શ્રી કિશોર ખેરનારના સક્રિય સહયોગથી આ કાર્ય સરળ બન્યું, તે માટે તેમનો પણ આભારી છું. જીવનપ્રેમી જિજ્ઞાસુ મિત્રો તરફથી આર્થિક સહયોગ મળવા માટે તેમનો પણ આભારી છું.

બીજી આવૃત્તિ અતિ ટૂંકાગાળામાં છપાવવાની જરૂરિયાત ઊભી થઈ, એ કેળવણીમાં રસ ધરાવતા કેળવણીકારો તથા શિક્ષકોના કેળવણી પ્રતિ જાગરૂકતાનું પરિણામ છે. શિક્ષકો તથા વાલીઓનો પ્રતિસાદ ઉત્સાહ પ્રેરક છે. કેળવણીની સંસ્થાઓમાં આ પુસ્તિકાની માંગ વધતી જાય છે એ કાર્યને માટે પ્રેરણારૂપ છે.

જાગરૂક નાગરિકોના આર્થિક સહયોગે પણ કાર્યને વેગ આપ્યો છે. આશા છે અહિંસક સમાજના નિર્માણ માટે મથનારા શિક્ષકો, વાલીઓ સૌ કોઈને માટે આ પુસ્તિકા પથદર્શક બની રહેશે.

આશા છે વાંચકોને આ નાનકડા ગાગરમાં સમાયેલ સાગર, તૃષા સંતોષશે જેથી જીવનયાત્રા આનંદમય બની રહે.

૧૫, ઓગષ્ટ, ૨૦૦૭ — અરવિંદ દેસાઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિચય

જિડ્ડુ કૃષ્ણમૂર્તિનો જન્મ ૧૧ મે ૧૮૯૫માં આંધ્રપ્રદેશના નાનકડા ગામ મદનાપલ્લીમાં એક ધર્મ-પરાયણ પરિવારમાં થયો હતો. બાળપણમાં એમને થિયૉસોફીકલ સોસાયટીના અધ્યક્ષ ડૉ. એની બેસન્ટે દત્તક લીધા હતા. કૃષ્ણમૂર્તિ, "જગતના શિક્ષક" બનશે એવું ભવિષ્ય શ્રીમતી બેસન્ટ અને અન્ય લોકોએ જાહેર કર્યું. થિયોસોફીના અનુયાયીઓએ અગાઉ 'વિશ્વ-શિક્ષક'ના આગમનની ભવિષ્યવાણી કરી હતી. ધર્મગ્રંથોમાં એવું વર્ણન છે કે માનવતાના વિકાસ કાજે સમય-સમય પર "વિશ્વ શિક્ષક", મનુષ્યરૂપે અવતરે છે.

સન ૧૯૨૨માં કૃષ્ણમૂર્તિ, અતિ ઊંડાણભરી આધ્યાત્મિક અનુભૂતિમાંથી પસાર થયા, જેમાં એઓ એવી કરુણાનો સ્પર્શ પામ્યા જે સમગ્ર દુઃખોને હરી લે છે. આ પછીના ૧૭ ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ એમના જીવનના અંતિમ દિવસ સુધી સમગ્ર વિશ્વનું પરિભ્રમણ કરીને જનસંપર્ક કરીને જીવન સંવાદ કરતા રહ્યા. આ ભૂમિકા એમણે સત્યના ઉપાસક તરીકે માનવજાતિના પ્રેમરૂપે નિભાવી. તેમણે પોતાને એક ગુરૂના રૂપે કદીયે, કોઈને સ્વીકારવા દીધા નહીં. એમણે જે કંઈ કહ્યું એ એમની અંતઃપ્રેરણા મુજબ હતું, એ ધાર્મિક ગ્રંથો કે બૌદ્ધિક જ્ઞાન આધારિત નથી. એમણે દર્શનશાસ્ત્રની કોઈ નવી પદ્ધતિ કે પ્રણાલીની વ્યાખ્યા નથી કરી, બલ્કે આપણું જે દૈનિક જીવન છે એના વિશે સમજાવ્યું. ભ્રષ્ટાચાર અને હિંસાથી ખદબદતા સમાજમાં જે પડકારો છે, માનવી કે જે સુરક્ષા અને સુખની શોધમાં ભટકે છે તથા લાલસા, ભય, દુઃખ, ક્રોધથી ત્રસ્ત છે. એવી મૂંઝવણોને અતિ સૂક્ષ્મ રીતે તથા વાસ્તવિક સ્વરૂપે જોવા સમજાવ્યું. માનવ મનની ગૂંચો સમજાવી, ને સંકેત કર્યો કે આપણું દૈનિક જીવન, એક બુનિયાદી પરિવર્તન દ્વારા નવી સંસ્કૃતિને શી રીતે જન્માવી શકે. એમણે એ વાત હંમેશા ભારપૂર્વક સમજાવી કે મનુષ્ય ચેતના અને માનવજાતિની ચેતના અલગ નથી. બલ્કે આપણી અંદર પૂરી માનવજાતિ, સમગ્ર વિશ્વ પ્રતિબિંબિત થાય છે. પ્રકૃતિ સાથેના ઊંડા સંબંધો માનવનિર્મિત સઘળી દીવાલો, ધાર્મિક વિશ્વાસો, સાંપ્રદાયિક દૃષ્ટિકોણોથી ઉપર ઊઠીને વિચારવાનો સંદેશો આપ્યો છે.

Sri Urmila Shastri Collection, Vatamas

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શીખવાની કળા

મને એમ લાગે છે, કે પ્રતિદિન વધતા જતા સંકટ અને જટિલ સમસ્યાઓથી ઘેરાયેલા આ જગતમાં, એક સંપૂર્ણપણે ભિન્ન પ્રકારની નૈતિકતા, આચરણ અને ક્રિયા કે જે જીવનની સમગ્ર પ્રક્રિયાની સમજણથી ઉત્પન્ન થાય છે, એ આજે અનિવાર્ય આવશ્યકતા બની ગઇ છે. સામાન્ય રીતે આપણે હંમેશા આ વિવાદો અને પ્રશ્નોના સમાધાન રાજનૈતિક સંગઠનાત્મક પધ્ધતિઓ, આર્થિક પુનર્રચના તથા સુધારાઓના માધ્યમ દ્વારા માનવ જીવનની જટિલ કઠનાઇઓનું સમાધાન સંભવ નથી, બહુ તો થોડા સમય માટે કંઇક રાહત મેળવી શકે. બધા જ સુધારાઓ છતાં, અતિવ્યાપક અને ટકાઉ લાગે એવા કેમ ન હોય, આગળ જતાં તો નવી માંગણી કરનારા જ થઇ જતા હોઇ છે. મનુષ્યના સંપૂર્ણ જટિલ અસ્તિત્વને સમજ્યા વિના, કરવામાં આવનાર કોઇપણ સુધારામાત્ર, વધુ ને વધુ સુધારાની માંગ પેદા કરશે. સુધારાઓનો કોઇ અંત નથી, અને આ માંગથી કોઇપણ પ્રકારનું મૌલિક નિરાકરણ આ રીતે થઇ શકશે નહિ.

રાજનૈતિક, આર્થિક તથા સામાજિક ક્રાંતિઓ દ્વારા પણ એનો ઉકેલ શક્ય નથી, કેમ કે એનાથી ક્યાં તો ભયઆધારિત અત્યાચારી શાસન ઉત્પન્ન થાય છે અથવા તો શાસનની સત્તા કોઇ અન્ય સમૂહના હાથમાં ચાલી જાય છે. એવી ક્રાંતિઓ કોઇ પણ કાળે અવ્યવસ્થા અને સંઘર્ષને સમાપ્ત કરી શકતી નથી.

પરંતુ એક એવી પણ ક્રાતિ છે જે સર્વથા ભિન્ન છે અને જો આપણે, કદીય સમાપ્ત ન થઇ શકે એવી અનંત ચિંતા, સંઘર્ષ તથા સતત નિરાશામય ક્રમથી મુક્ત થવા ઇચ્છતા હોઇશું તો આવી ક્રાંતિનો જન્મ થવો જ જોઇએ. આવી ક્રાંતિ સિદ્ધાંત તથા અભિપ્રાયોના સ્તર પર થવી જોઇએ નહિ, કેમકે અંતે તો એ નિરર્થક સિદ્ધ થાય છે - બલ્કે એ તો મનની અંદર જ આમૂલ પરિવર્તન લાવીને જ થઇ શકે. એ કેવળ યોગ્ય શિક્ષણ તથા માનવીના સમગ્ર વિકાસ દ્વારા જ લાવી શકાશે. આ ક્રાંતિ યોગ્ય શિક્ષણના માધ્યમથી, કેવળ વિચારમાં જ નહી, બલ્કે સંપૂર્ણ મનમાં થવી જોઇએ. આખરે વિચાર તો કર્તા નહિ પણ એક પરિણામ માત્ર છે, અને પરિણામમાં જ નહિ વાસ્તવમાં સ્વયં કારણમાં જ આમૂલ પરિવર્તન થવું જોઇએ. આપણે કેવળ પરિણામો સાથે, કે એના લક્ષણો સાથે જ મથામણ કરતા રહીએ છીએ, અને એટલે તદ્દન આવશ્યક એવું આમૂલ પરિવર્તન લાવતા નથી, કે જેનાથી આદતો, પરંપરાઓ તથા વિચારોની જૂની પુરાણી પદ્ધતિઓમાં આમૂલ, મૂળભૂત પરિવર્તન થઇ શકે. આપણે આ મૂળભૂત બાબતની ચિંતા કરવી છે. અને એ કેવળ યોગ્ય શિક્ષણ જ લાવી શકે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મનનું કાર્ય જ તપાસવું, અને શીખવાનું છે. શીખાવનો અર્થ માત્ર સ્મૃતિ સંવર્ધન તથા જાણકારી કે માહિતીના સંગ્રહનો નથી બલકે એવા ચિંતનની ક્ષમતા સાથે છે જે તદ્દન સ્પષ્ટ, સમજદાર તથા ભ્રાંતિરહિત હોય, તથા વિશ્વાસો- માન્યતાઓ અને આદર્શથી નહીં પરંતુ તથ્યોથી પ્રારંભ કરીને થઇ શકે. જ્યાં વિચારો નિષ્કર્ષોમાંથી ઉદ્‌ભવે છે, ત્યાં શીખવાનું સંભવિત નથી કેવળ જાણકારી, માહિતીનો સંગ્રહ જેને આપણે જ્ઞાન કહીએ છીએ, એ શિક્ષણ નથી એ શીખવાની રીત નથી. શીખવું એટલે સમજણ મેળવવા કાજે પ્રેમ હોય, લગાવ હોય, એટલે કે કોઇપણ વસ્તુને સમજવા જાતે કરવા પ્રતિ પ્રેમ હોય. શીખવાનું તો કેવળ ત્યારે જ શક્ય બને છે, જ્યારે કોઇપણ પ્રકારનું દબાણ ન હોય, જબરદસ્તી ન હોય બલ્કે સહજ હોય. જ્યાં જોર-જબરજસ્તી હોય ત્યાં દરેક પ્રકારના, એ પ્રેમનો કે ડરનો પ્રભાવ હોય, કે પાછળ પડીને કે પ્રોત્સાહિત કરીને કે વાદવિવાદના રૂપ દ્વારા હોય.

ઘણા લોકો એમ વિચારતા હોય છે કે તુલનાત્મક પદ્ધતિ દ્વારા શીખવામાં પ્રેરણા મળે છે પરંતુ તથ્ય એનાથી બિલકુલ વિપરિત છે. તુલનાથી કેવળ નિરાશા અને માત્ર ઇર્ષ્યા પેદા થાય છે. જેને આપણે પ્રતિસ્પર્ધા કહીએ છીએ. સૂક્ષ્મ અને વિવિધ પ્રલોભનો, શીખવામાં અવરોધ પેદા કરે છે. તુલના પણ શીખવાની પ્રક્રિયામાં બાધક બને છે ને અંતે ભયને જન્મ આપે છે. મહત્ત્વાકાંક્ષાથી ભય વિકસિત થાય છે. મહત્ત્વાકાંક્ષા, ભલે એ વ્યકિતગત હોય કે સામુહિક, એ સદાય સમાજ વિરોધી જ હોય છે કહેવાતી ઉદાત્ત મહત્ત્વાકાંક્ષાઓ પણ પારસ્પરિક સંબધોમાં સદાય વિનાશકારી જ હોય છે.

એ અતિજરૂરી છે કે નિર્દોષ, નિસ્વાર્થ મનના વિકાસને પ્રોત્સાહિત કરાય.

એવુ મન જે જીવનના વિવિધ વિષયોને, પડકારોને, એક સમગ્રરૂપે જોવા, સમજવા, ઉકલેવા સક્ષમ હોય અને જે પડકારોથી ભાગી જઇને એવા પ્રયત્ન ન કરે જેથી એ અન્તરવિરોધી નિરાશ, કડવું કે આલોચક બની જાય અને એપણ જરૂરી છે કે એવું મન સ્વયં, પોતાના પૂર્વગ્રહો, હેતુઓ તથા અનુસરણ પ્રતિ સજાગ રહે.

કેમકે આપણી નિસ્બત સ્વચ્છ મનનું સંવર્ધન, એટલા માટે બહુ મહત્ત્વનું થઇ જાય છે કે એક શિક્ષક શી રીતે ભણાવે છે, કેવળ જાણકારી, માહિતી આપવી એટલું જ પૂરતું નથી બલકે શિક્ષકનો મુખ્ય ઉદ્દેશ મનની સમગ્રતાના સંવર્ધનનો છે કેવળ જાણકારીની જાણ એટલે વાર્તાલાપના વિભિન્ન ઉપાયો દ્વારા, સંવાદ દ્વારા જ્ઞાન અને જાણકારી આપવી રહેશે તથા શોધ અને સ્વતંત્ર રીતે ચિંતન, મનન કરતાં શીખવવું પડશે. શીખવાની ક્રિયામાં સત્તાનું, અધિકારનું કોઇ જ સ્થાન નથી, સત્તા એટલે એ વ્યકિત કે જે પોતાને, જ્ઞાની જાણકાર સમજે છે, શિક્ષક અને વિદ્યાર્થી બન્ને પારસ્પરિક એક વિશેષ સંબધ દ્વારા, શીખી રહ્યા છે પણ આનો અર્થ એવો પણ નથી કે શિક્ષક, વિચારની સુવ્યવસ્થાની ઉપેક્ષા કરે. આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુવ્યવસ્થા કેવળ અનુશાસન(discipline)થી નથી આવતી, કે જે જ્ઞાનના હકારાત્મક નિવદેનોના રૂપમાં હોય છે. પરંતુ શિક્ષક જો એ સમજે કે એ બુદ્ધિને વિકસિત કરી રહ્યા છે તો ત્યાં સ્વાભાવિક રીતે સ્વતંત્રતાની ભાવના હોવી જોઈએ. આ સ્વતંત્રતાનો અર્થ એવો નથી કે તમને જે ગમતું હોય તેમ કરો, કે વિચારો, પણ એવી સ્વતંત્રતા જેમાં મને સજાગ થવામાં સહાય મળે કે જેથી વિદ્યાર્થી પોતાની પ્રેરણા અને હેતુઓને પારખી શકે આ પ્રેરણા અને ઉદેશ્ય કે જે વિદ્યાર્થી સામે પોતાના વિચારોને વ્યવહારો દ્વારા પ્રગટ થાય.

એક અનુશાસિત મન કદાપિ સ્વતંત્ર મન હોતું નથી, જે મને ઇચ્છાઓને દબાવી દીધી છે એ કદાપિ ખુલ્લું મન હોઇ શકે નહિ. ઇચ્છાઓની, વાસનાઓની સઘળી ગતિવિધીઓને બરાબર સમજી શકે એ જ મન સ્વતંત્ર હોઇ શકે. વિચારો અને માન્યતાઓના ચોકઠામાં બંધાયેલ અનુશાસિત મન, એની ગતિનું સંચાલન કરે છે, જે વિચાર અને વિશ્વાસોના માન્યતાઓના ઘેરાની અંદર હોય છે. શું આમ હોતું નથી? આવું મન પ્રજ્ઞાવાન બનવાને કદાપિ સ્વતંત્ર થઇ શકતું નથી. આવું મન સત્તા સામે સર્મપણ કરે છે. અથવા તો સમાજે નિર્ધારિત કરેલ પદ્ધતિ મુજબ કાર્ય કરવાની ક્ષમતા આપે છે, કે જે કેવળ કાર્યની યોગ્યતા ઇચ્છે છે. એ પોતાની પ્રજ્ઞાને જાગ્રત નથી કરતો, કે જેમાં એની પોતાની જ ક્ષમતા પડેલી છે જે મને કેવળ એવી ક્ષમતાનું સંવર્ધન કર્યું છે કે જેનું માધ્યમ સ્મૃતિ છે, એ એક આધુનિક યંત્ર સમાન છે, કોમ્પ્યુટર જેવું છે, કે જે કાર્ય કરવાની અદ્‌ભુત યોગ્ય અને સુનિશ્ચિતતા ધરાવે છે.

શાસકો કેવળ અમુક નિશ્ચિત દિશાઓમાં જ વિચારવાને વિવશ કરે છે. નિષ્કર્ષ આધારિત કે નિર્ધારિત માર્ગ મુજબની વિચારણા એ મુક્ત વિચારણા નથી. એ તો કેવળ "માનવીય યંત્ર" મુજબની યંત્રવત કાર્યવાહી થશે જે નિરર્થક અસંતોષ ઉત્પન્ન કરે છે જેને પરિણામે નિરાશા હતાશા, દુઃખો અને એવા અન્યને જન્માવશે.

કોઇપણ પ્રકારની તુલનાનો ભાવ વ્યક્તિના પૂર્ણ વિકાસમાં અવરોધ કરે છે પછી ભલેને એ વૈજ્ઞાનિક હોય કે માળી હોય. જ્યાં તુલનાનો ભાવ ન હોય ત્યાં, એક વૈજ્ઞાનિકની સંપૂર્ણ ક્ષમતા કે એક સુંદર બગીચાના માળીની વિકાસની દૃષ્ટિ બન્ને એક જ છે. પંરતુ જ્યાં તુલના થવી શરુ થાય છે ત્યાં તિરસ્કાર તથા ઇર્ષ્યામય પ્રતિક્રિયાનો પ્રારંભ થાય છે જે માનવી-માનવી વચ્ચે સંઘર્ષ ઊભા કરે છે. પ્રેમ તુલનાત્મક હોઇ શકે નહિ. વિષાદની જેમ એની તુલના થઇ શકે નહીં કે આ દુઃખ વધુ છે કે ઓછું છે. દુઃખ એ દુઃખ જ છે. ભલે એ ગરીબનું હોય કે તવંગરનું હોય જેમ કે પ્રેમ એ પ્રેમ છે.

વ્યક્તિના સંપૂર્ણ વિકાસને પરિણામે એવા સમાજનો ઉદ્‌ભવ થાય જ્યાં સમતા હોય. આજનો સામાજિક સંઘર્ષ જે માત્ર આર્થિક અથવા તો એકપ્રકારના આધ્યાત્મિક સ્તર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર ક્ષમતા લાવવા કાજે કરવામાં આવતી સમાજસુધારણા, કોઈક બીજા જ પ્રકારની અસામાજિક પ્રવૃતિને જન્મ આપે છે. સમ્યક કેળવણી હોય તો સામાજિક કે અન્ય સુધારણાઓની જરૂરિયાત જ નહીં રહે કેમ કે તેથી તુલનાત્મક પ્રવૃત્તિઓની સાથે સમસ્ત ઈર્ષ્યા જ સમાપ્ત થઇ જશે.

આ પરિસ્થિતિમાં આપણે કાર્યપ્રણાલી તથા પદની પ્રતિષ્ઠા વચ્ચે રહેલા તફાવતને સમજવું જરૂરી છે. તુલનાને પરિણામે કોઈપણ કાર્યને શ્રેષ્ઠ કે નીચું સમજવાને પરિણામે જ આપણી સઘળી ભાવનાઓ તથા શ્રેણીબધ્ધ પ્રતિષ્ઠાક્રમની સાથે એ પદ પ્રતિષ્ઠાનો જન્મ થાય છે. દરેક વ્યકિતનું જ્યારે સમગ્ર આંતરિક પ્રફુલ્લન વિકસીત થઈ રહ્યું હોય ત્યાં કાર્ય કે પદની પ્રતિષ્ઠા વચ્ચે કોઇ વિભાજન થતું નથી. ત્યાં કેવળ એક શિક્ષક કે પ્રધાનમંત્રી તરીકેની એક વ્યકિતની ક્ષમતાની માત્ર અભિવ્યકિત હોય છે. એ રીતે પદના ડંખનું ઝેર સમાપ્ત થઇ જાય છે. આજે તો સમાજમાં નામની પાછળ બી.એ. કે પીએચ.ડી.ની પદવી જોડી દેવા સમાજમાં નામની પાછળ કાર્ય કે ટેકનિકલ ક્ષમતા હોવાની માન્યતા મળી જાય છે. પરંતુ વાસ્તવમાં તો આપણી નિસ્બત તો માનવના સમગ્ર વિકાસની છે. એટલા માટે એવી વ્યકિત પોતાના નામ પાછળ ડીગ્રીનું નામ રાખે કે ન રાખે, પરંતુ એ પદવી મેળવવાની ક્ષમતા ધરાવે છે, એટલે જો એ ઇચ્છશે તો ડીગ્રી મેળવે કે ન મેળવે પણ એની ક્ષમતાને કેવળ ડીગ્રીને આધારે માપવી યોગ્ય નથી કેમ કે એ વ્યકિત પોતે, પોતાની યોગ્યતાને સમજી લેશે અને તેની પોતાની ક્ષમતાની યોગ્યતાની અભિવ્યક્તિ આત્મકેન્દ્રિત વિશ્વાસને પેદા નહીં કરે જે કેવળ યાંત્રિક ક્રિયાઓથી ક્ષમતાથી ઉત્પન્ન થાય છે. આવો વિશ્વાસ તુલનાત્મક છે, એટલા માટે એ સમાજવિરોધી પણ છે. તુલનાનું અસ્તિત્વ કેવળ ઉપયોગિતાવાદી કાર્યો માટે થાય છે, એ શિક્ષક માટે નથી કે જે ક્ષમતાઓમાં અંતર રાખે તથા મૂલ્યાંકનમાં વધારો કે ઘટાડો કરે.

પ્રારંભમાં વિદ્યાર્થીઓને પોતાના વિષયોની પસંદગીની અનુમતિ ન પણ આપી શકાય, કેમ કે આપણે એના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ ઇચ્છીએ છીએ. જો એ વિષયોની પસંદગી કરશે તો એની પસંદગી ક્ષણિક સુખો, પૂર્વગ્રહો તથા જે કરવું છે તે બધી રીતે સહેલું હોય એના પર આધારિત હશે. જો એ ચયન કરશે તો એ સમાજની તત્કાલીન જરૂરિયાતો અનુસાર વિષયો પસંદ કરશે. પરંતુ જ્યારે આપણે બુનિયાદી વસ્તુઓ ઇચ્છીએ છીએ અને એનું સંવર્ધન ઇચ્છીએ છીએ ત્યારે જો એ સમયે પસંદગી કરશે ત્યારે એ સ્વભાવગત તદ્દન સરળ વિષયોનો અભ્યાસ તથા એમાં સફળતા પ્રાપ્તિના હેતુથી પસંદગી નહિ કરે, બલ્કે પોતાની ક્ષમતાઓને પૂર્ણપણે તથા શ્રેષ્ઠત્તમ રીતે પ્રગટ કરશે. આપણે માનસિક, બૌદ્ધિક તથા ભાવાત્મક સમસ્યાઓ સહિત સમગ્ર જીવનના અનેક પ્રશ્નો ઉકેલવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઇચ્છીએ છીએ તથા વિદ્યાર્થીને પ્રારંભથી જ જીવનને એના સમગ્રરૂપે જોવાને અને સમજવા માટે સહાયતા કરવાની છે એટલા માટે એ એનાથી ભયભીત થશે નહીં.

કોઇપણ સમસ્યાને પૂર્ણરૂપે ઉકેલવાની ક્ષમતા જ પ્રજ્ઞા છે. વિદ્યાર્થીઓને શ્રેણી કે માર્કસ ગુણાંક આપવાથી પ્રથાનો વિકાસ નહિ થાય, બલ્કે એનાથી વિપરિત, એની માનવગરિમાનું પતન થાય છે. આવા તુલનાત્મક મૂલ્યાંકનને કારણે મનુષ્ય પાંગળો બને છે. એનો અર્થ એવો પણ નથી કે અધ્યાપક પ્રત્યેક વિદ્યાર્થીની પ્રગતિ પર ધ્યાન ન રાખે તથા એની નોંધ ન રાખે. સ્વભાવિક રીતે વાલીઓ તો પોતાના બાળકોની પ્રગતિ વિશે જાણવા ઉત્સુક રહે છે. એટલે એ એના બાળકની પ્રગતિ વિષે જાણવા ઇચ્છશે પરંતુ એ બહુ દુર્ભાગ્યની વાત છે કે મનોવાંછિત પરિણામને પ્રાપ્ત કરવા કાજે, એ બાળકના પ્રગતિ-રિપોર્ટનો ઉપયોગ એક દબાણના રૂપે કરશે. પછી ભલેને એ દબાણ સ્નેહમય હોય કે ધમકીભર્યું હોય.

વાલીઓએ સમજવું જરૂરી છે કે એ એના બાળકને કેવા પ્રકારનું શિક્ષણ આપવા ઇચ્છે છે. સામાન્યતઃ એ પોતાના બાળકને એવી પદવી મેળવેલી જોઇને સંતોષ અનુભવે છે કે, જેનાથી એની વધુ કમાણી, આજીવિકા મેળવવાનો સંતોષ મેળવી શકે. બહુ જ થોડા લોકો એવા છે કે જેઓ એનાથી વિશેષ રીતે વિચારે છે. ચોક્કસ તેઓ પોતાના બાળકોને કોઇપણ રીતે વધુ સુખી જોવા ઝંખે છે.

આ પ્રકારની અસ્પષ્ટ જેવી ઇચ્છાથી પણ બહુ ચાહનારા, બહુ થોડા લોકો એવા છે કે જેઓ બાળકના સમગ્ર વિકાસની ચિંતા કરતા હોય. કેમ કે એમાંથી ઘણા લોકોની તો એવી અભિલાષા રહેતી હોય છે કે એમનાં બાળકો આજીવિકા મેળવવામાં બધી જ રીતે સફળ રહે, એટલા માટે તેઓ કાં તો સ્નેહથી અથવા તો ભયભીત કરીને એમને પુસ્તકીય જ્ઞાન પ્રાપ્ત કરવા વિવશ કરે છે, અને આ રીતે પુસ્તકિયા જ્ઞાનનું મહત્ત્વ અધિક થઇ જાય છે. આને કારણે કેવળ સ્મૃતિનું સંવર્ધન થાય છે. એવી સ્મૃતિ જ યોગ્ય ચિંતન કે ગુણોના વિકાસ વિના જ સંઘરાયેલી રહે છે.

આપણા અધ્યાપકોને સૌથી મોટી કઠણાઇનો જે સામનો કરવો પડે છે તે છે, વાલીઓની વ્યાપક તથા ગંભીરતાભરી શિક્ષણ પ્રતિની ઉદાસીનતા કેમ કે અભિભાવક - વાલીઓ તો કેવળ ઉપરછલ્લા જ્ઞાનને જ ઇચ્છે છે કે જે એના બાળકોને આ ભ્રષ્ટ સમાજમાં એક આદરણીય પદની પ્રાપ્તિ કરાવી આપે.

આ રીતે અધ્યાપકોએ કેવળ બાળકોને સાચી દિશાનું શિક્ષણ આપવાની સાથે એ પણ કાળજી રાખવી પડે છે કે વિદ્યાલયમાં જે કંઇ કરાવવામાં આવ્યું હોય એના પર વાલીઓ પાણી ન ફેરવી દે. વાસ્તવિકતા તો એ હોવી જોઇએ કે શાળા કે ઘર, બન્ને યોગ્ય કેળવણીના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેન્દ્રો હોવાં જોઈએ. એ બન્ને એક બીજાનાં વિરોધી ન હોય. એવું ન બને કે વાલીઓની ઇચ્છા કંઈક બીજી જ હોય અને અધ્યાપક એનાથી ભિન્ન કરી રહ્યા હોય. એ ખૂબ જ અગત્યનું છે કે વાલી પણ એ વિશે સજાગ હોય કે જે શિક્ષક દ્વારા શીખવાતું હોય, અને વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસમાં ઊંડી દિલચસ્પી હોય. આમ સમાનરૂપે એનું પણ ઉત્તરદાયિત્વ છે કે ધ્યાન રાખશે કે આ પ્રકારનો શિક્ષણનો ક્રમ ચાલતો રહે. તેઓ વાલીઓ, માત્ર અધ્યાપક ઉપર જ છોડી ન દે કેમ કે અધ્યાપક અગાઉથી જ વધુ જવાબદારી ઉપાડી રહ્યા છે. આ સમગ્ર વિકાસ ત્યારે જ સંભવિત બનશે કે જ્યારે અધ્યાપક, વાલીઓની કલ્પનાઓ તથા દુરાગ્રહી માંગો ને કોઈપણ પરિસ્થિતિમાં સ્વીકારશે નહિ, એટલા માટે વાલીઓએ સમજવું જોઈએ કે અધ્યાપક શું કરી રહ્યા છે. અને તેથી તેઓ પોતાનાં બાળકોમાં ખોટા ભ્રમ અને ચિંતાઓ પેદા ન કરે.

એમ ચોક્કસ રીતે કહી શકાય કે પ્રારંભથી જ બાળકમાં શીખવાનું વલણ અને સ્વાભાવિક જિજ્ઞાસા રહેલાં છે, જેને કૌશલ્ય રીતે પ્રોત્સાહિત કરવાં જોઈએ, જેથી એ મોટા થશે ત્યારે એની સઘળી પ્રવૃત્તિઓ કોઈપણ પ્રકારની વિકૃતિથી મુક્ત રહી શકે, જેથી વિવિધ વિષયોના અભ્યાસનો માર્ગ સરળ રહે. જો શીખવાની આ ઉત્સુક્તાને હંમેશા પ્રોત્સાહન મળતું રહે તો, ગણિત, ભૂગોળ, ઇતિહાસ, વિજ્ઞાન કે પ્રાણીશાસ્ત્ર જેવા સઘળા વિષયો વિદ્યાર્થી કે શિક્ષકો માટે સમસ્યારૂપ નહિ બને. જ્યાં સુખદ સ્નેહ અને સમજદારી ભરી દેખભાળનું વાતાવરણ હોય છે ત્યાં શીખવાની પ્રક્રિયા સરળ થઇ જાય છે.

ભાવાત્મક ખુલ્લાપણું અને સંવેદનશીલતાનું સંવર્ધન ત્યાં જ થઇ શકે જ્યાં વિદ્યાર્થી, અધ્યાપક સાથેના પારસ્પરિક સંબંધોમાં પોતાને સુરક્ષિત અનુભવે છે. પોતાની સુરક્ષાની ભાવના બાળકોની પ્રાથમિક માંગ હોયછે. પરાવલંબી હોવું અને સુરક્ષિત હોવાની ભાવનામાં ઘણું મોટું અંતર છે. ઘણા શિક્ષકો મને-કમને પરાવલંબનની ભાવનાનું સંવર્ધન કરે છે અને આ રીતે પ્રચ્છનરૂપે ભ્રમનો વધારો કરે છે. બાળકોએ 'શું બનવુ જોઇએ' કે શું કરવું જોઇએ એ બાબતે વાલીઓના દબાણ કે અતિદુરાગ્રહ સાથે થતા વ્યવહારમાં આ બાબત સ્પષ્ટ દેખાઇ છે. પરાવલંબન સાથે હંમેશા ભયની કાળી છાયા છવાએલી રહે છે અને આ ભ્રમનું ભૂત જ બાળકને દરેક આશાને ચૂપચાપ માનવા સ્વીકારવા મજબૂર કરે છે. આ ભયની લાગણી અને સમાજની બધી બાબતો સ્વીકારવા તથા વડીલોના આદેશને સ્વીકારવા, તથા હુકમોનું પાલન કરવા મજબૂર કરે છે. પરાવલંબનના આ વાતાવરણમાં માનવીની સંવેદનશીલતા કચડાય છે. પરંતુ બાળકને જ્યારે સમજાય છે કે અનુભવ કરે છે કે એ સુરક્ષિત છે ત્યારે અસુરક્ષાના ભય દ્વારા એનો ભાવાત્મક વિકાસ રૂંધાતો નથી. આવી સુરક્ષા, અસુરક્ષાની વિરોધી નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુરક્ષાને આપણા અર્થ મુજબ, પોતાના જ ઘરમાં રહેતા હોય એવી અનુભૂતિ - એવું ઘર નહિ કે જ્યાંથી બાળક આવ્યુ છે. પરંતુ એવું ઘર કે જેમાં એ પોતાના સહજ સ્વાભાવિકરૂપે પોતાનું છે તેવું માનીને રહી શકે. જ્યાં એને "આમ કરો" કે "આમ ન કરો" એ માટે વિવશ નહીં કરાય, જ્યાં એ જ્યારે ઇચ્છે ત્યારે એ ઝાડ પર ચઢી શકે અથવા પડી જવાથી કોઇ લડનાર નહીં હોય. જ્યાં શિક્ષક, ગૃહમાતા કે ગૃહ સંરક્ષક બાળકની સમગ્ર કલ્યાણ માટે ખૂબ ઊંડાણપૂર્વક ચિંતા કરતા રહેતા હોય - કે બાળક પ્રથમ સંપર્કે જ એવો અનુભવ કરી લેતા હોય.

સૌથી મહત્ત્વપૂર્ણ બાબત તો એ છે કે બાળક પ્રથમ સંપર્કમાં જ થોડા સપ્તાહ કે મહિના બાદ નહિ તત્કાળ એવો અનુભવ કરવા લાગે કે એ પૂર્ણરીતે સુરક્ષિત છે, એ એવું અનુભવે કે એ પોતાના ઘરમાં જ છે. આ પ્રથમ સંપર્ક જ સૌથી મહત્વનો છે. પરંતુ શિક્ષક અનેક રીતે એનો વિશ્વાસ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને એ રીતે બાળકને સ્વતંત્રતાપૂર્વક મનગમતું કાર્ય કરવાની અનુમતિ આપે છે, તો એ રીતે તો એ અધ્યાપક પરાવલંબનનું સવંર્ધન કરી રહ્યા છે અને બાળકને સુરક્ષિત હોવાનો અનુભવ આપી નથી રહ્યા. એવી અનુભૂતિ કે એ પોતાના જ ઘરમાં છે, જ્યાં એવા લોકો છે જેઓ એના સમગ્ર કલ્યાણ માટે ગંભીરતાપૂર્વક ચિંતન કરતા રહે છે.

આ નવા સંબંધનું પ્રથમ દર્શન, કે જે વિદ્યાર્થીએ પહેલાં કદી અનુભવ્યું નથી તે એક સ્વાભાવિક સુસંવાદ પેદા કરશે - જેમાં બાળકો, મોટાઓ પ્રત્યે એવી દૃષ્ટિથી નહીં જોશે કે જેમાં તેને ભય રાખવા જેવું લાગે અને એટલા માટે એને માનથી જોશે. એક બાળક જ્યારે સુરક્ષાનો અનુભવ કરે છે ત્યારે એની દૃષ્ટિમાં, આદર પ્રદર્શિત કરવાની રીત પણ એક અનોખી પ્રકારની હોય છે, જે શીખવા માટે જરૂરી છે. આ આદરમાં સત્તા કે ભયનું કોઇ જ સ્થાન હોતું નથી. આવી સુરક્ષાની ભાવનામાં ચરિત્ર તથા વ્યવહાર મોટાઓ દ્વારા લાદવામાં નહિ આવે. બલ્કે એ તો શીખવાની પ્રક્રિયાનો જ એક ભાગ બની જાય છે. કેમ કે બાળક પોતાના સંબંધોમાં અધ્યાપક તથા મોટેરાઓ સાથે સુરક્ષિત હોય છે, એટલે એ સ્વાભાવિક રીતે બીજાની જવાબદારીપૂર્વક કાળજી રાખશે. કેવળ આવી સુરક્ષાના વાતાવરણમાં જ ભાવાત્મક સંવેદનશીલતાનો વિકાસ થઇ શકે છે. ઘર જેવા જ આવા સુરક્ષાભર્યા વાતાવરણમાં જ બાળક પોતાની ઇચ્છાનુસાર જે કંઇ ઇચ્છે છે તે કરી શકે છે. પરંતુ મનની ઇચ્છા મુજબ કરવામાં એ વિચારી શકે છે કે શું કરવુ યોગ્ય છે. આ ક્રિયા કોઇ પ્રતિકારાત્મક ક્રિયાના પરિણામરૂપે જણાવવામાં આવેલી નથી હોતી, કોઇ હઠાગ્રહરૂપે કરવામાં આવેલી ક્રિયા છે, કે ન કોઇ દબાવી દેવામાં આવેલી ભાવનાઓનું પરિણામ હોય છે કે ન તો કોઇ તત્કાલીન, ક્ષણિક આવેગ, કે આવેશના પરિણામસ્વરુપ ક્રિયા હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંવેદનશીલ હોવું એટલે પોતાની આસપાસ સઘળી વસ્તુઓ પ્રતિ સંવેદનશીલ હોવું, ભલે એ છોડ હોય, કે પશુ હોય કે ઝાડ હોય, ભલે એ આકાશ હોય કે ઊડતાં પક્ષીઓ હોય પોતાની આસપાસના લોકોના વિભિન્ન ભાવો પ્રતિ સંવેદનશીલતા અને રસ્તે જતા કોઇ અજાણ વ્યક્તિ પ્રતિ પણ સંવેદનશીલતાં હોય. આ સંવેદનશીલતા એવી ભાવના પેદા કરે છે કે જે સ્વાર્થરહિત હોય, હેતુ રહિત હોય, કે હિસાબ કિતાબથી પર હોય. આ છે સાચી નૈતિકતા અને સાચું આચરણ, સાચો વ્યવહાર એટલે એવો વ્યવહાર જે ખાનગી નહિ હોય, મુક્ત હશે. મુક્ત હોવાને કારણે અધ્યાપકનું સૂચન, કોઈપણ જાતના વિરોધ કે કલેષ વિના, સરળતાપૂર્વક સહજભાવે સ્વીકારી લેશે.

કેમ કે આપણે માનવીનો સમગ્ર વિકાસ ઇચ્છીએ છીએ, અને એની ભાવાત્મક પ્રેરણાઓ બૌદ્ધિક તર્કથી વિશેષ બળવાન હોય છે એટલે આપણે એની ભાવાત્મક ક્ષમતાનું સંવર્ધન કરવું જોઇએ, એને દબાવી દેવી યોગ્ય નથી. જ્યારે કોઇનામાં પણ ભાવનાત્મક તથા બૌદ્ધિક પડકારોને ઉકેલવાની ક્ષમતા આવશે તો એનો સામનો કરવામાં એ રંજમાત્ર પણ ભયભીત નહિ થાય.

કેમ કે આપણે માનવીનો સમગ્ર વિકાસ ઝંખીએ છીએ. તેથી સંવેદનશીલતાના વિકાસ માટે સાધનરૂપે એકાંત અતિ જરૂરી બને છે. જે રીતે ગણિત શીખવું જરૂરી છે. એ જ રીતે સમગ્ર વિકાસની દષ્ટિએ પણ સમજવું જરૂરી છે કે એકાકી રહેવું એટલે શું, ધ્યાન કરવું એટલે શું, મરવું એ કઇ ચીજ છે ? એકાંત એટલે શું, ધ્યાન એટેલે શું આ બધું એની શોધ કરીને કે અનુસંધાનથી જ જાણી શકાશે. ધ્યાન, એકાંત તથા મૃત્યુને સમજવું એ જરૂરી બને છે. એનો જે અર્થ છે એ શીખવી નહિ શકાય પણ શીખી શકાય છે. જરૂર કોઇ એના વિશે કેવળ સંકેત કરી શકે પરંતુ આ સંકેતો દ્વારા શીખવું એ ન તો કેવળ ધ્યાન છે કે ન તો એકાંત છે. પરંતુ એકાંત કે ધ્યાન એ શું છે, એ સમજવા માટે પ્રવૃત્ત થવું પડે અને આ પ્રવૃત્ત થવાની પ્રક્રિયા જ શીખવાની પ્રક્રિયા માટે જરૂરી છે. જે મન જિજ્ઞાસાની અવસ્થામાં હોય છે એ શીખવાને સમર્થ હોય છે. પરંતુ જો આ જિજ્ઞાસાને પૂર્વ જ્ઞાન દ્વારા કે સત્તા દ્વારા અથવા તો બીજાના અનુભવોને આધારે દબાવી દેવામાં આવે તો શીખવું એ કેવળ અનુકરણ બની જાય છે અને અનુકરણ કેવળ એવા જ માણસો પેદા કરશે જે શીખવાની અનુભૂતિ વિના કેવળ પોપટિયા જ્ઞાનની વાત કરતા રહેશે.

અભ્યાસ કરાવવો એટલે કેવળ જાણકારી આપવી એટલું જ પૂરતું નથી, બલ્કે શોધ કરનાર મનનું સંવર્ધન કરવું પણ જરૂરી છે. એવું મન કે જે ધર્મ શું છે ? જેવા ગંભીર પ્રશ્ને ઊંડાણપૂર્વક વિચારી શકે અને કેવળ સ્થાપિત ધર્મ, દેવળો, કે ધાર્મિક ક્રિયાકાંડોથી જ સંતોષ માની નહિ લે. ઇશ્વરની શોધ કે સત્યની શોધ, કે તમે જે કોઇ નામ આપવા ચાહો, એ જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાચો ધર્મ છે, ન કે કેવળ શ્રદ્ધા, માન્યતા કે સિદ્ધાંતને માની લેવા. જેવી રીતે વિદ્યાર્થી પ્રતિદિન સ્નાન કરે છે, દિવસની હરપળે શીખતા રહે છે, એ જ રીતે શાંતિપૂર્વક કોઇકની સાથે અથવા તો સ્વયં એકલા જ એકાંતમાં બેસવાનો અભ્યાસ કરવો જોઇએ. આ એકાંતમાં બેસવાની પ્રેરણા કોઇના શીખવાથી કે અન્ય કોઇ પરંપરાની બ્રાહ્ય પ્રેરણાથી થતી નથી. જેઓ શાંતિથી બેસવા ઇચ્છે છે પણ એકલા બેસવાને સક્ષમ નથી, એમને આ એકાંતમાં બેસવાનો અભ્યાસ એમના મનને સહાયરૂપ બને છે, જેમ દર્પણમાં જોવાથી એના પોતાના રૂપને જુએ છે, અને એના નિરર્થક કાર્યોથી મુક્ત થઇ જાય છે કે જે મહત્ત્વાકાંક્ષાઓના કારણે કરવામાં આવે છે. મહત્ત્વાકાંક્ષા સાથે ભય તથા નિરાશાની સઘળી આંટીઘુંટીઓ વિટાયેલી હોય છે જે અહંકેન્દ્રિત ક્રિયાઓની અભિવ્યક્તિ છે. આમ એકાંત પોતાના મનને એવી સુદૃઢતા અને સ્થિરતા આપે છે કે જેને સમયના માપથી માપી નહિ શકાય. મનનું આ જ ચારિત્ર્ય છે, ચારિત્ર્યનો અભાવ જ અંતઃવિરોધની સ્થિતિ છે.

સંવેદનશીલ હોવું એટલે ચાહવું, પ્રેમ કરવો. "પ્રેમ" શબ્દ વાસ્તવિક પ્રેમ નથી. પ્રેમને વિભાજિત કરી શકાય નહિ, જેમ કે ઇશ્વરનો પ્રેમ તથા મનુષ્યનો પ્રેમ. પ્રેમને માપી શકાય પણ નહિ, કે એકનો પ્રેમ કે અનેકનો પ્રેમ. પ્રેમ એટલે પોતાની રીતે જે કંઇ છે તે સર્વસ્વ આપી દે છે. પરંતુ આપણે તો હંમેશા, પ્રેમને આપણે સંબંધોમાં માપીએ છીએ, અને આમ પ્રેમને સમગ્ર રીતે નષ્ટ કરીએ છીએ. પ્રેમ વાસ્તવિક રીતે સમાજ - સુધારક કે સામાજિક કાર્યકર્તાની પણ કોઇ એવી ચીજ નથી કે જે ખરીદી કે વેચી શકાય. એ કોઇ એવું રાજનૈતિક સાધન પણ નથી, જેનાથી ક્રિયાનો ઉદ્‌ભવ થઇ શકે, જ્યારે કોઇ સમાજસુધારક કે રાજનીતિજ્ઞ એનો ઉપયોગ કરે છે ત્યારે એ માત્ર પ્રેમ શબ્દનો ઉપયોગ કરે છે. પણ એ પ્રેમ શબ્દની વાસ્તવિકતાને સ્પર્શ કરી શકતા નથી. કેમ કે પ્રેમનો કોઇ સાધ્યને માટે કોઇ સાધન તરીકે ઉપયોગ કરી શકાતો નથી, પછી ભલેને એ સાધ્ય તાત્કાલિક હોય કે દૂરદૂરના ભવિષ્યનું હોય. એ સમગ્ર પૃથ્વીનો પ્રેમ છે ન કે કેવળ કોઈ એક નાના ક્ષેત્રનો. વાસ્તવિકતા પ્રતિનો પ્રેમ કોઈ ધર્મ આધારિત હોઈ શકે નહિ. અને જ્યારે સંગઠિત ધર્મ એનો ઉપયોગ કરે છે ત્યારે એનું અસ્તિત્વ જ નાશ પામે છે. સમાજ, સંગઠિત ધર્મ તથા તાનાશાહી આચરનારી સરકાર પોતાની વિભિન્ન ક્રિયાઓ દ્વારા, અજાણપણે, એ પ્રેમને નષ્ટ કરી નાખે છે. કાર્ય કરવામાં પ્રેમ એ તીવ્ર આવેગ બની જાય છે.

કેમ કે આપણે યોગ્ય શિક્ષણ દ્વારા માનવીનો સંપૂર્ણ વિકાસ કરવા ઈચ્છીએ છીએ, એટલા માટે પ્રારંભથી જ પ્રેમ રૂપી ગુણનું પોષણ અને સંવર્ધન થવું જોઈએ. પ્રેમ એ ન તો નિષ્ઠા છે કે ન તો ભાવુકતા. પ્રેમ એ એની પોતાની રીતે જ બળવાન છે જેમ કે મૃત્યુ. પ્રેમને જ્ઞાન દ્વારા ખરીદી શકાતો નથી. અને એવું મન જે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ જ્ઞાનાર્જન પાછળ પડ્યું છે એ નિર્દયતાભર્યો વ્યવહાર કરતું રહે છે અને કેવળ કાર્યકુશળતાને કાજે જ કાર્ય કરે છે.

એટલા માટે શિક્ષકે પ્રારંભથી જ પ્રેમરૂપી ગુણ પ્રતિ ધ્યાન આપવું જોઈએ. પ્રેમ એટલે વિનમ્રતા, મૃદુતા, બીજાનું ધ્યાન રાખવું, ધીરજ તથા શિષ્ટતા છે. યોગ્ય અને સારું શિક્ષણ લીધેલ મનુષ્યના સ્વભાવમાં શિષ્ટતા અને શાલીનતા હોય જ છે. એ પોતાની વિવિધ વસ્તુઓનું ધ્યાન રાખે છે. ભલે એ છોડ હોય કે પશુ હોય એ એના વ્યવહાર તથા વાતચીત દ્વારા પ્રગટ થાય છે.

તો શું એનો અર્થ એવો નહિ કે સઘળી વસ્તુઓ પ્રતિ સંવેદનશીલતાનું સંવર્ધન બાળપણથી જ કરવું જોઈએ ? પછી ભલે એ વૃક્ષ હોય, મનુષ્ય હોય, ફર્નીચર હોય કે તદ્દન નવી જ મોટરગાડી હોય ? પ્રેમના ગુણને કેળવવા પર વિશેષ ધ્યાન આપવાથી સંવેદનશીલતા વિકસે છે અને એક એવા મનનું સર્જન થાય છે કે જે કેવળ પોતાની મહત્ત્વાકાંક્ષા, લોભ તથા પરિગ્રહની વૃત્તિમાં જ ડુબેલું રહેતું નથી.

આ રીતે શું એ પોતાની ચારેબાજુ સુસંસ્કૃતિભર્યું વાતાવરણ ઉત્પન્ન નથી કરતા કે જેની અભિવ્યક્તિ કેવળ સુરુચિ તથા આદર ભાવનામાં જ નથી હોતી. બલ્કે એનાથી મન પણ પરિશુદ્ધ થઈ જાય છે ? અને જો આમ ન હોય તો, શું મનની પ્રવૃત્તિ અભિમાની રહીને જ જીવવામાં નથી હોતી ? પરિધાનમાં, વાતચીતમાં, વ્યવહારમાં, આવી સઘળી પ્રવૃત્તિઓમાં, દબાણપૂર્વક લાદવામાં આવેલ વિવેકને કારણે કે દેખાવ ખાતર વ્યવહાર નથી પરંતુ સહજ રીતે પ્રેમમય ગુણને કારણે છે. આ ગુણ માનવીયગુણને બરાબર સમજવાથી કામવાસના કે અન્ય માનવીય સંબંધોમાં ઊભા થતા પ્રશ્નો, વિઘ્નોને, ઉત્તેજના અને અનેક આશંકાઓથી ઉપર ઉઠીને, સમજદારી અને વિવેક સાથે ઉકેલી શકાય છે.

જે શિક્ષક માનવીના સમગ્ર વિકાસને સર્વાધિક મહત્ત્વનો માને છે એને માટે એ મહત્ત્વનું છે કે શરૂઆતથી જ કામ-વાસનાના પરિણામો પ્રતિ ધ્યાન આપે. એના વિશે બાળકોના ચિત્તમાં વિકૃતિ જગાડ્યા વિના, એનામાં ઊભી થતી જિજ્ઞાસાઓનું સંતોષપૂર્વક સમાધાન કરતા રહે. કેમ કે વ્યક્તિના જીવનમાં કામ-વાસનાનું મહત્ત્વપૂર્ણ સ્થાન હોવાથી, કિશોર અવસ્થામાં જ જીવવિજ્ઞાનની રીતથી સમજણ કે પરિચય કરાવવાથી, પ્રેમના ગુણોમાં અનુભૂતિના અભાવમાં, કેવળ વાસનાને પ્રેમ રૂપે જ જોશે. પ્રેમ, મનની સઘળી બુરાઈઓને ધોઈ નાખે છે. એટલે શિક્ષકની અંદર પ્રેમ અને સમજણના અભાવમાં કેવળ તેના દ્વારા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને એકબીજાથી અલગ રાખવામાં આવે કે સખત નિયમો કરીને પણ દૂર રાખવામાં આવશે, તો એમની અંદર ઉત્સુકતા અને વાસનાના આવેગ મજબૂત થઈને ઈચ્છાઓની પૂર્તિ કરવામાં પતન થશે. એટલા માટે એ ખૂબ જરૂરી છે કે વિદ્યાર્થી કે વિદ્યાર્થિની બંનેને સાથે જ શિક્ષણ આપવામાં આવે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમનો આ ગુણ કોઈપણ કાર્યને સ્વયં પોતાના હાથોથી કરવામાં અભિવ્યક્ત થશે જ, પછી ભલે એ કાર્ય બગીચાનું હોય, સુથારી હોય, ચિત્રકારીનું હોય કે હસ્તશિલ્પ હોય, કે અન્ય કોઈપણ કાર્ય હોય. આ ગુણ આંખ તથા કાનના માધ્યમો દ્વારા પણ અભિવ્યક્ત થાય છે, જેમ કે વૃક્ષોનું નિરીક્ષણ, ખળખળ વહેતી નદીનું પાણી, પૃથ્વીનો વૈભવ તથા એ દરિદ્રતા કે જેને માનવીએ સમાજમાં સ્વયં પેદા કરી છે, તથા પક્ષીઓનો કલરવ સંગીત અને ગીતોનું ગુંજન.

આપણે કેવળ મન તથા ભાવાત્મક સંવેદનશીલતા તરફ ધ્યાન ન આપતાં, બલ્કે ઉત્તમ શરીર સ્વાસ્થ્ય તરફ પણ વિશેષ ધ્યાન આપવું ઘટે. કેમ કે જો શરીર સ્વસ્થ તથા પ્રાણવાન નહીં હોય તો સ્પષ્ટ છે કે એ વિચારોમાં પણ વિકૃતિ લાવશે અને સંવેદનહીનતાને વધારશે. આ એક અતિસ્પષ્ટ તથ્ય છે જેના વિસ્તારની આવશ્યક્તા નથી. એ ખૂબ જરૂરી છે કે યોગ્ય ભોજન લેવાય, પર્યાપ્ત નિદ્રા લેવાય અને શરીર સ્વાસ્થ્ય ઉત્તમ હોય. જો ઈન્દ્રિયો સજાગ અને સંવેદનશીલ નહીં હોય તો શરીર, માનવીના સમગ્ર વિકાસને અવરોધશે. માંસપેશીઓના સંતુલિત નિયંત્રણ તથા એની ગતિવિધિ અને ક્રિયાઓમાં સૌંદર્ય જાળવી રાખવા માટે અનેક પ્રકારના વ્યાયામ, નૃત્ય, યોગાસન અને રમતો જરૂરી છે. જે શરીર સ્વચ્છ, સુઘડ નથી, જે યોગ્ય આસન કરી શકતું નથી તે બેઢંગુ છે. એવું શરીર મન તથા ભાવનાઓની સંવેદનશીલતાનું સંવાહક બની શકશે નહીં. શરીર મનનું સાધન નથી. પરંતુ શરીર, ભાવનાઓ અને મન મળીને પૂર્ણ માનવી બને છે અને આ બધામાં એકરૂપતા અને સામંજસ્ય ન હોય તો સંઘર્ષ અનિવાર્ય છે. સંઘર્ષ સંવેદનહીનતા ને વધારે છે. મન, શરીર પર નિયંત્રણ તથા આધિપત્ય રાખી શકે છે, ઈન્દ્રિયોનું દમન કરીને શરીરને સંવેદનહીન બનાવશે. એવું અસંવેદનશીલ શરીર મનના પૂર્ણ વિકાસમાં બાધક બને છે. જબરદસ્તીપૂર્વક કરેલ દમન ક્યારેય ચેતનાના ઊંડાણના સ્તરની શોધમાં સહાયક બની શકશે નહિ. એ શોધ ત્યારે જ સંભવિત બનશે કે જ્યારે મન, ભાવનાઓ અને શરીર વચ્ચે વિસંવાદ કે પરસ્પર વિરોધ ન હોય. બલ્કે કોઈજ પ્રયત્ન વિના કોઈ ધારણા શ્રદ્ધા-વિશ્વાસ તથા આદર્શથી પ્રેરિત થયા વિના અખંડતા અને સામંજસ્યમય રહેશે.

મનના સંવર્ધન માટે એકાગ્રતા પર નહીં, પરંતુ સજાગતા પર જોર આપવું જોઈએ. મનને એક બિંદુ પર જબરદસ્તીપૂર્વક કેન્દ્રિત કરવાની પ્રક્રિયાને એકાગ્રતા કહેવાય છે. જ્યારે સજાગતા એક અસીમ ચીજ છે. એકાગ્રતા સીમિત શક્તિ છે જે સદા સીમાઓ તથા મર્યાદાઓની વચ્ચે રહે છે. પરંતુ જ્યારે આપણે મનની સમગ્રતાનો (અનુભવ) બોધ પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ તો કેવળ એકાગ્રતા બાધક બની જાય છે, જ્યારે સજાગતા અસીમ હોય છે, ત્યારે જ્ઞાનની સઘળી સીમાઓથી પર હોય છે. જ્ઞાન એકાગ્રતા દ્વારા આવે છે અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાનનો વિસ્તાર પણ એની એકાગ્રતાની સીમાની અંદર જ હોય છે. સજાગતાની અવસ્થામાં મન જ્ઞાનનો પ્રયોગ કરી શકે છે, અને કરે પણ છે, એ જ્ઞાન કે જે એકાગ્રતા દ્વારા પ્રાપ્ત કર્યું છે. અંશ ક્યારેય પૂર્ણ નથી હોતો અને અનેક અંશોને સાથે જોડવાથી સમગ્રતાની દૃષ્ટિ નથી મળતી, અને જ્ઞાન તો કેવળ એકાગ્રતાની તડજોડ કરીને સંગ્રહ કરનારી માત્ર પ્રક્રિયા છે. એટલા માટે એ 'અપરિમેય'નો બોધ કરાવી શકતી નથી. જે સમગ્ર છે એ કદિ કોઈ એકાગ્ર મનના સીમિત સ્થાનમાં સમાવી શકાય નહિ. સજાગતા પ્રાથમિક મહત્ત્વનો વિષય બની જાય છે. કેમ કે આપણે માનવી તથા એના મનનો સમગ્ર વિકાસ ઈચ્છીએ છીએ. આ સજાગતા, એકાગ્રતા માટેના પ્રયત્નોથી નહિ આવે, બલ્કે એ એક એવી અવસ્થા છે જેમાં મન, કોઈ જ કેન્દ્ર વિના, - જે કેન્દ્રની ચારે બાજુ અનુભવરૂપે જ્ઞાન એકત્ર થાય છે - સદાય શીખતું રહે છે. પરંતુ જે મન સ્વયં પોતાનામાં કેન્દ્રિત છે, એ જ્ઞાનનો પ્રયોગ અહમ્-પ્રસારના સાધન સ્વરૂપે કરે છે અને એ રીતે આવી ક્રિયા અંતર્વિરોધી તથા અસામાજિક બની જાય છે.

સાચા અર્થમાં તો શીખવાનું ત્યારે જ સંભવિત બને છે કે જ્યારે આપણે સજાગતાની એવી અવસ્થામાં હોઈએ કે જ્યાં પણ કોઈપણ પ્રકારનું આંતર કે બાહ્ય બંધન નહિ હોય. જ્યારે મન પરંપરા તથા સ્મૃતિઓથી બંધાયેલું નહિ હોય. ત્યારે જ યોગ્ય, સાચું ચિંતન થઈ શકે છે. સજાગતા જ મનની અંદર, મૌનનું અવતરણ થાય છે કે જે સર્જનના દ્વારને ખોલે છે. એટલા માટે સજાગતા સર્વોચ્ચ મહત્ત્વની બાબત છે.

જ્ઞાન પ્રાયોગિક સ્તર પર, કેવળ મનના સંવર્ધનના એક સાધન રૂપે જરૂરી છે, પરંતુ એ સ્વયં એક સાધ્ય નથી. આપણે માત્ર કોઈ એક ક્ષમતાના વિકાસની જ ચિંતા નથી કરતા, જેમ ગણિતજ્ઞ કે વૈજ્ઞાનિક કે સંગીતજ્ઞની ક્ષમતા. પરંતુ વિદ્યાર્થીના સમગ્ર વિકાસની ચિંતા કરીએ છીએ - કે જેમાં આ બધી બાબતો સમાયેલી હોય છે.

સજાગતાની આવી અવસ્થા કેવી રીતે આવી શકે ? એ કોઈપણ પ્રકારની સમજણ દ્વારા, કોઈપણ પ્રકારની તુલના દ્વારા, પુરસ્કાર કે સજા દ્વારા, સંવર્ધિત કરી શકાય નહિ, આ બધા જોરજબરદસ્તીના ઉપાયો જ છે. ભય મુક્તિ જ સજાગતાનો પ્રારંભ છે. જ્યાં સુધી ભયની અવસ્થા છવાયેલી રહેશે, ત્યાં સુધી કંઈક બનવાની કે કંઈક થવાની લાલસા થતી રહે છે. જે સફળતામાં પરિણમે છે અને એની સાથે સઘળી હતાશાઓ તથા પીડાદાયક પરસ્પર વિરોધો જોડાયેલા હોય છે. જેમ આપ એકાગ્રતાને શીખવાડો છો, એમ સજાગતાને શીખવાડી શકાતી નથી.

તમે એ પણ શીખવાડી નહીં શકો કે ભયથી મુક્ત કેમ થવું - પરંતુ આપણે ભય પેદા કરનારાં કારણોની શોધનો પ્રારંભ જરૂર કરી શકીએ અને એ બધાં કારણોને સમજવાથી જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભયમુક્ત થઈ શકાય. સજાગતાનું આગમન ત્યારે થાય છે જ્યારે વિદ્યાર્થીની ચારેતરફના વાતાવરણમાં ભૌતિક કલ્યાણ હોય, સુરક્ષાની ભાવના હોય તથા ઘર જેવું વાતાવરણ હોય, જેની ચર્ચા આપણે પહેલાં કરી લીધી છે, - અને આસક્તિ રહિત કાર્ય સાથે આવનારો પ્રેમ હોય. પ્રેમ કદી તુલના કરતો નથી, અને એટલે કંઈક બનવાની યાતનાનો અંત આવે છે.

સામાન્ય અસંતોષ જેનો અનુભવ આપણે સૌ કરીએ છીએ, પછી ભલેને આપણે વૃદ્ધ હોઈએ કે યુવક. મન ઝડપથી સંતોષનો માર્ગ શોધી લે છે, અને આમ આપણા મનને સુવડાવી દેવામાં આવે છે. સમય-સમય પર દુઃખ દ્વારા અસંતોષનો જન્મ થાય છે, અને એ દુઃખ ફરી ફરીને કંઈક સમાધાન શોધે છે જેનાથી સંતોષ મળે. આ રીતે સંતોષ અને અસંતોષના આ ચક્રમાં મન બંધાઈ જાય છે અને પીડા, વેદના દ્વારા જે જાગૃતિ આવે છે એ આપણા અસંતોષનું જ એક અંગ છે. અસંતોષ શોધનો એક માર્ગ છે અને જ્યાં મન પરંપરા તથા આદર્શોથી બંધાયેલું હોય છે ત્યાં ખોજ સંભવિત નથી. જિજ્ઞાસા અને શોધ એ સજાગતાની જ્વાળા છે.

અસંતોષનો અર્થ, મનની એ સ્થિતિ અંગે છે જે એ વસ્તુને સમજે છે, જે વસ્તુતઃ છે અને જે આગળ સમજવાની શોધ ચાલુ રાખે છે. "જે છે" ની સીમાઓથી પર જવાની ગતિ જ અસંતોષ છે. જો તમે આ અસંતોષને દબાવો છો, અથવા એના પર વિજય પ્રાપ્ત કરવાના સાધનો અને માર્ગો શોધો છો, ત્યારે તમે અહં-કેન્દ્રિત ક્રિયાઓની સીમાઓનો તથા તમે રહેતા સમાજનો સ્વીકાર કરો છો. અસંતોષ તો એવી જ્વાળા છે કે જે સંતોષના કુડાકચરાને બાળી નાખે છે પણ આપણે આ અસંતોષનો અપવ્યય અનેકરીતે કરી લઈએ છીએ. એ વખતે આપણો અસંતોષ "વધારેને વધારે"ની પ્રાપ્તિની શોધ બની જાય છે, એટલે કે એક ભવ્ય મકાન, અતિ સુંદર મોટર વિગેરેની ઈચ્છા, અને આ બધી ઈચ્છા અસંતોષના ક્ષેત્રની વસ્તુઓ છે, અને આની ઈર્ષ્યા આ પ્રકારના અસંતોષને જીવંત રાખે છે. પરંતુ આપણે એવા અસંતોષની વાત કરી રહ્યા છે જેમાં ઈર્ષ્યા તથા 'હજુ વિશેષ'નો લોભ નથી, એટલે કે આ અસંતોષ, સંતોષની ઈચ્છાથી પોષાતો, વિકસિત થતો નથી. આવો અસંતોષ એક અપ્રદૂષિત સ્થિતિ છે, જે આપણા સૌમાં વિદ્યમાન છે સિવાય કે જો એને અયોગ્ય, ખોટાં, સમાધાન દ્વારા નિષ્પ્રાણ બનાવી દેવાય નહિ. જ્યારે આપણે વાસ્તવિક અસંતોષના સ્વરૂપને સમજી લેશું ત્યારે આપણને સમજાશે કે સજાગતા એ પ્રજ્વલિત જ્વાળાનો જ અંશ છે કે જે ક્ષુદ્રતાને બાળી નાંખે છે અને મનને અહં-પરિમિત કાર્યો તથા આત્મ-સંતોષની સીમાઓથી મુક્ત કરી દે છે. એટલે કે સજાગતાનો ઉદય ત્યાં જ થાય છે કે જ્યાં એવી શોધ થતી રહે છે કે જે કેવળ આત્મ-સંતોષ પર આધારિત નહિ હોય. આ સજાગતાનું સંવર્ધન પ્રારંભથી જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થવું જોઈએ. તમે સમજી શકશો કે જ્યાં પ્રેમ હોય છે, જે વિનમ્રતા, શિષ્ટતા, ધૈર્ય તથા વિનયના માધ્યમ દ્વારા સ્વયંને અભિવ્યક્ત કરે છે. સંવેદનહીનતાથી પેદા થતા અવરોધોથી તત્કાળ મુક્ત થઈ જાવ છો, અને આ રીતે આપ બાળકમાં બાળપણથી જ સજાગતાની અવસ્થા ઉત્પન્ન કરવામાં સહાયભૂત થઈ શકો.

સજાગતા શીખવી શકાતી નથી, પણ તમે વિદ્યાર્થીના માનસમાં સજાગતા વિકસીત થવામાં સહાયભૂત બની શકો. જ્યારે એની આસપાસ ચારેબાજુ, બંધનમય, બંધિયાર ભાવના નથી હોતી અને એટલા માટે કોઈપણ પ્રકારનું પરસ્પર વિરોધાત્મક વાતાવરણ હોતું નથી, ત્યારે એની સજાગતા કોઈપણ પળે, એને આપેલા કોઈપણ વિષય પર કેન્દ્રિત થઈ શકે છે, પરંતુ આ એવી એકાગ્રતા નથી કે જે પ્રાપ્તિ કે સિદ્ધિની બંધનકારી પ્રેરણા દ્વારા આવતી હોય.

આ રીતે શિક્ષિત કરવામાં આવેલી નવી પેઢી પોતાના માતાપિતા તથા સમાજ કે જેમાં એ પેદા થઈ છે, એના માનસિક વારસામાંથી મુક્ત થશે. કેમ કે એ આ રીતે શિક્ષિત થઈ છે એટલા માટે સંપત્તિના ઉત્તરાધિકાર પર પણ એ આશ્રિત નહીં રહેશે. ઉત્તરાધિકારનું આ તત્ત્વ સ્વતંત્રતાને નષ્ટ કરી દે છે અને પ્રજ્ઞાને પણ સીમિત કરી દે છે, કેમ કે એમાં એ જૂઠી સુરક્ષાની ભાવના પેદા થાય છે, જે એવો આત્મવિશ્વાસ જગાડે છે જેનો કોઈ આધાર જ નથી હોતો. સુરક્ષાની આ જૂઠી ભાવના એક એવો માનસિક અંધકાર છે જેમાં કંઈ પણ વિકસિત થતું નથી. પૂર્ણપણે ભિન્ન પ્રકારથી શિક્ષિત થયેલી પેઢી જે વિશે આપણે વાત કરતા આવ્યા છીએ તે એક નવા સમાજનું નિર્માણ કરશે, કેમ કે એની પાસે પ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલી ક્ષમતા હશે - એવી પ્રજ્ઞા કે જે ભયથી સીમાબદ્ધ નથી.

કેમકે આપણે વિદ્યાર્થીના કોઈ એક પાસાનો નહિ પણ સમગ્રતાનો સંપૂર્ણ વિકાસ ઈચ્છીએ છીએ, એટલા માટે સજાગતા કે જે સર્વ સમાવેશક છે, તે મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ સમગ્ર વિકાસની વાત કલ્પના માત્ર નથી - અર્થાત્ માનવ મનની સમગ્રતાની કોઈ સુનિશ્ચિત રૂપરેખા નથી. મન જેટલા અંશે વધુને વધુ પોતાનો ઉપયોગ કરે છે એટલા અંશે વધુને વધુ ક્ષમતાયુક્ત બને છે. મનની ક્ષમતા અનંત છે, અસીમ છે.

કેમકે કેળવણી, કોઈ એકનું કાર્ય નહિ, પરંતુ ઘણાના સહયોગથી થતું સામુહિક કાર્ય છે. (અભિભાવક વિદ્યાર્થી તથા શિક્ષક બંનેનું) એટલા માટે પરસ્પરના સહયોગ દ્વારા કાર્ય કરવાની કળા શીખવી જ પડશે. આમ સાથે કાર્ય કરવાનું શક્ય ત્યારે જ બનશે કે જ્યારે આપણામાંના સૌ કોઈ સમજશે કે સત્ય શું છે ? અભિપ્રાય, શ્રદ્ધા-માન્યતા કે સિદ્ધાંત નહિ બલ્કે સત્યની, વાસ્તવિકતાની સમજણ જ આપણને નજીક લાવશે. તથ્ય અને ખ્યાલો વચ્ચે ઘણું અંતર છે. આપણા સમાન ખ્યાલો કાર્ય માટે ભેગા થવામાં સહાયરૂપ બની શકે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ જ્યાં કેવળ મંતવ્ય કે શ્રદ્ધા કાજે કોઈ કાર્ય સામુહિકરૂપે કરતા હોઈએ ત્યાં ફરીને અલગાવ પેદા થઈ શકે. પરંતુ જો સત્યનું દર્શન થયું હશે તો સંભવ છે કે કોઈ ચીજની બારીકીઓં બાબત અસહમતિ પેદા થાય પરંતુ તેમાં કોઈ જુદાપણાની ઈચ્છા નહિ થાય.

નાની મોટી બાબતોમાં વિખેરાઈ જનારાઓ મૂર્ખ જ હોય છે. પરંતુ ઝીણી-ઝીણી બાબતોમાં ક્યારેય એવો વિષય નહિ બને જેને પરિણામે મતભેદો સર્જાય. સામાન્ય રીતે એક ઉદ્દેશ કે એક આદર્શ અનુસાર કાર્ય કરવા કાજે આપણે એકઠા થઈ શકીએ છીએ પરંતુ એ સ્પષ્ટ નથી હોતું એટલા માટે નિષ્ઠા વારંવાર સમજાવવી પડે છે. તથા પ્રચાર આદિની એમને આવશ્યકતા હોય છે અને આપણામાંથી મોટેભાગે લોકો સત્તાના આ સ્થાપિત માર્ગે સાથોસાથ કાર્ય કરવાના અભ્યસ્ત છે.

કોઈ ધારણા કે આદર્શને માટે ભેગા થઈ કાર્ય કરવું અને એવું કાર્ય કે જે સત્ય-દર્શનની પરિણતિ છે તથા કાર્યમાં એ સત્યની આવશ્યકતા છે એ બંન્ને સંપૂર્ણપણે ભિન્ન ક્રિયાઓ છે. સત્તાજન્ય ઉત્તેજનાથી કાર્ય કરતા રહેવું એ સહયોગ નથી, પછી ભલે એ આદર્શ આધારિત સત્તા હોય અથવા કોઈ એવી વ્યક્તિની સત્તા કે જે એ આર્દશોનું પ્રતિનિધિત્વ કરતા હોય. એમાં એક કેન્દ્રિય સત્તા છે જેની પાસે જ્ઞાન છે કે જેમનું શક્તિસંપન્ન વ્યક્તિત્વ છે, જેના પોતાના કંઈક વિચારો છે, અને પછી એ પ્રભુત્વ પ્રચ્છન્ન રૂપે કે અન્ય રીતોથી જમાવે છે, જેને એ આદર્શ કહે છે, અને એની સાથે સહયોગ કરવા કાજે બીજાને વિવશ કરે છે. આને પરસ્પરના સહયોગ દ્વારા થતું કાર્ય કહી શકાય નહિ. પરંતુ જ્યારે કેટલીક બાબતોની સચ્ચાઈ આપણમાંના સૌ કોઈ સમજી લે છે, ત્યારે એ સચ્ચાઈની સમજણ જ આપણને એ કાર્યના હેતુ પ્રતિ પરસ્પરના સહયોગ માટે પ્રેરણા આપે છે. આ જ સાચો સહયોગ છે અને જેમણે આ સહયોગની કળાને શીખી લીધી છે - કેમ કે એ સત્યને સત્યના રૂપે જ જુએ છે, અસત્યને અસત્યરૂપે જ જુએ છે તથા અસત્યમાં પણ જે સત્ય છે એને જુએ છે - એ જરૂરિયાત મુજબ, આવશ્યકતા અનુસાર સહયોગ નહીં આપવાનું પણ સમજી લેશે જે એક એવી મહત્ત્વપૂર્ણ વાત છે જેમ કે સહયોગ ક્યારે કરવો.

આપણમાંના સૌને જો સ્પષ્ટ રીતે એવી જરૂરિયાતની પ્રતીતિ થઈ હોય કે શિક્ષણમાં એક મૌલિક ક્રાંતિ જરૂરી છે અને આપણને જો એ સત્યનો સાક્ષાત્કાર થયો હોય, કે જેની આપણે ચર્ચા કરી રહ્યા છે, તો આપણે કોઈ સહમતિ કે અસહમતિ કોઈ જ ખચકાટ અવરોધ વિના પરસ્પરના સહયોગથી કાર્ય કરી શકીશું. સમજાવવાની કે મનાવવાની પરિસ્થિતિ ત્યારે જ ઊભી થાય છે કે જ્યારે કોઈ એક વ્યક્તિ ચુસ્ત અભિગમ અપનાવે છે કે જેમાં એ બાંધછોડ કરવા તૈયાર જ નથી હોતી. જ્યારે એને કોઈ વિચારમાં વિશ્વાસ પેદા થાય છે અથવા કોઈ મુદ્દાને કે અભિપ્રાયને દૃઢ રીતે વળગી રહે છે, ત્યારે એ વિરોધને પેદા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થવું જોઈએ. તમે સમજી શકશો કે જ્યાં પ્રેમ હોય છે, જે વિનમ્રતા, શિષ્ટતા, ધૈર્ય તથા વિનયના માધ્યમ દ્વારા સ્વયંને અભિવ્યક્ત કરે છે. સંવેદનહીનતાથી પેદા થતા અવરોધોથી તત્કાળ મુક્ત થઈ જાવ છો, અને આ રીતે આપ બાળકમાં બાળપણથી જ સજાગતાની અવસ્થા ઉત્પન્ન કરવામાં સહાયભૂત થઈ શકો.

સજાગતા શીખવી શકાતી નથી, પણ તમે વિદ્યાર્થીના માનસમાં સજાગતા વિકસીત થવામાં સહાયભૂત બની શકો. જ્યારે એની આસપાસ ચારેબાજુ, બંધનમય, બંધિયાર ભાવના નથી હોતી અને એટલા માટે કોઈપણ પ્રકારનું પરસ્પર વિરોધાત્મક વાતાવરણ હોતું નથી, ત્યારે એની સજાગતા કોઈપણ પળે, એને આપેલા કોઈપણ વિષય પર કેન્દ્રિત થઈ શકે છે, પરંતુ આ એવી એકાગ્રતા નથી કે જે પ્રાપ્તિ કે સિદ્ધિની બંધનકારી પ્રેરણા દ્વારા આવતી હોય.

આ રીતે શિક્ષિત કરવામાં આવેલી નવી પેઢી પોતાના માતાપિતા તથા સમાજ કે જેમાં એ પેદા થઈ છે, એના માનસિક વારસામાંથી મુક્ત થશે. કેમ કે એ આ રીતે શિક્ષિત થઈ છે એટલા માટે સંપત્તિના ઉત્તરાધિકાર પર પણ એ આશ્રિત નહીં રહેશે. ઉત્તરાધિકારનું આ તત્ત્વ સ્વતંત્રતાને નષ્ટ કરી દે છે અને પ્રજ્ઞાને પણ સીમિત કરી દે છે, કેમ કે એમાં એ જૂઠી સુરક્ષાની ભાવના પેદા થાય છે, જે એવો આત્મવિશ્વાસ જગાડે છે જેનો કોઈ આધાર જ નથી હોતો. સુરક્ષાની આ જૂઠી ભાવના એક એવો માનસિક અંધકાર છે જેમાં કંઈ પણ વિકસિત થતું નથી. પૂર્ણપણે ભિન્ન પ્રકારથી શિક્ષિત થયેલી પેઢી જે વિશે આપણે વાત કરતા આવ્યા છીએ તે એક નવા સમાજનું નિર્માણ કરશે, કેમ કે એની પાસે પ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલી ક્ષમતા હશે – એવી પ્રજ્ઞા કે જે ભયથી સીમાબદ્ધ નથી.

કેમકે આપણે વિદ્યાર્થીના કોઈ એક પાસાનો નહિ પણ સમગ્રતાનો સંપૂર્ણ વિકાસ ઈચ્છીએ છીએ, એટલા માટે સજાગતા કે જે સર્વ સમાવેશક છે, તે મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ સમગ્ર વિકાસની વાત કલ્પના માત્ર નથી – અર્થાત્ માનવ મનની સમગ્રતાની કોઈ સુનિશ્ચિત રૂપરેખા નથી. મન જેટલા અંશે વધુને વધુ પોતાનો ઉપયોગ કરે છે એટલા અંશે વધુને વધુ ક્ષમતાયુક્ત બને છે. મનની ક્ષમતા અનંત છે, અસીમ છે.

કેમકે કેળવણી, કોઈ એકનું કાર્ય નહિ, પરંતુ ઘણાના સહયોગથી થતું સામુહિક કાર્ય છે. (અભિભાવક વિદ્યાર્થી તથા શિક્ષક બંનેનું) એટલા માટે પરસ્પરના સહયોગ દ્વારા કાર્ય કરવાની કળા શીખવી જ પડશે. આમ સાથે કાર્ય કરવાનું શક્ય ત્યારે જ બનશે કે જ્યારે આપણામાંના સૌ કોઈ સમજશે કે સત્ય શું છે ? અભિપ્રાય, શ્રદ્ધા-માન્યતા કે સિદ્ધાંત નહિ બલ્કે સત્યની, વાસ્તવિકતાની સમજણ જ આપણને નજીક લાવશે. તથ્ય અને ખ્યાલો વચ્ચે ઘણું અંતર છે. આપણા સમાન ખ્યાલો કાર્ય માટે ભેગા થવામાં સહાયરૂપ બની શકે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ જ્યાં કેવળ મંતવ્ય કે શ્રદ્ધા કાજે કોઈ કાર્ય સામુહિકરૂપે કરતા હોઈએ ત્યાં ફરીને અલગાવ પેદા થઈ શકે. પરંતુ જો સત્યનું દર્શન થયું હશે તો સંભવ છે કે કોઈ ચીજની બારીકીઓં બાબત અસહમતિ પેદા થાય પરંતુ તેમાં કોઈ જુદાપણાની ઈચ્છા નહિ થાય.

નાની મોટી બાબતોમાં વિખેરાઈ જનારાઓ મૂર્ખ જ હોય છે. પરંતુ ઝીણી-ઝીણી બાબતોમાં ક્યારેય એવો વિષય નહિ બને જેને પરિણામે મતભેદો સર્જાય. સામાન્ય રીતે એક ઉદ્દેશ કે એક આદર્શ અનુસાર કાર્ય કરવા કાજે આપણે એકઠા થઈ શકીએ છીએ પરંતુ એ સ્પષ્ટ નથી હોતું એટલા માટે નિષ્ઠા વારંવાર સમજાવવી પડે છે. તથા પ્રચાર આદિની એમને આવશ્યક્તા હોય છે અને આપણામાંથી મોટેભાગે લોકો સત્તાના આ સ્થાપિત માર્ગે સાથોસાથ કાર્ય કરવાના અભ્યસ્ત છે.

કોઈ ધારણા કે આદર્શને માટે ભેગા થઈ કાર્ય કરવું અને એવું કાર્ય કે જે સત્ય-દર્શનની પરિણતિ છે તથા કાર્યમાં એ સત્યની આવશ્યકતા છે એ બંન્ને સંપૂર્ણપણે ભિન્ન ક્રિયાઓ છે. સત્તાજન્ય ઉત્તેજનાથી કાર્ય કરતા રહેવું એ સહયોગ નથી, પછી ભલે એ આદર્શ આધારિત સત્તા હોય અથવા કોઈ એવી વ્યક્તિની સત્તા કે જે એ આર્દશોનું પ્રતિનિધિત્વ કરતા હોય. એમાં એક કેન્દ્રિય સત્તા છે જેની પાસે જ્ઞાન છે કે જેમનું શક્તિસંપન્ન વ્યક્તિત્વ છે, જેના પોતાના કંઈક વિચારો છે, અને પછી એ પ્રભુત્વ પ્રચ્છન્ન રૂપે કે અન્ય રીતોથી જમાવે છે, જેને એ આદર્શ કહે છે, અને એની સાથે સહયોગ કરવા કાજે બીજાને વિવશ કરે છે. આને પરસ્પરના સહયોગ દ્વારા થતું કાર્ય કહી શકાય નહિ. પરંતુ જ્યારે કેટલીક બાબતોની સચ્ચાઈ આપણમાંના સૌ કોઈ સમજી લે છે, ત્યારે એ સચ્ચાઈની સમજણ જ આપણને એ કાર્યના હેતુ પ્રતિ પરસ્પરના સહયોગ માટે પ્રેરણા આપે છે. આ જ સાચો સહયોગ છે અને જેમણે આ સહયોગની કળાને શીખી લીધી છે - કેમ કે એ સત્યને સત્યના રૂપે જ જુએ છે, અસત્યને અસત્યરૂપે જ જુએ છે તથા અસત્યમાં પણ જે સત્ય છે એને જુએ છે - એ જરૂરિયાત મુજબ, આવશ્યકતા અનુસાર સહયોગ નહીં આપવાનું પણ સમજી લેશે જે એક એવી મહત્ત્વપૂર્ણ વાત છે જેમ કે સહયોગ ક્યારે કરવો.

આપણમાંના સૌને જો સ્પષ્ટ રીતે એવી જરૂરિયાતની પ્રતીતિ થઈ હોય કે શિક્ષણમાં એક મૌલિક ક્રાંતિ જરૂરી છે અને આપણને જો એ સત્યનો સાક્ષાત્કાર થયો હોય, કે જેની આપણે ચર્ચા કરી રહ્યા છે, તો આપણે કોઈ સહમતિ કે અસહમતિ કોઈ જ ખચકાટ અવરોધ વિના પરસ્પરના સહયોગથી કાર્ય કરી શકીશું. સમજાવવાની કે મનાવવાની પરિસ્થિતિ ત્યારે જ ઊભી થાય છે કે જ્યારે કોઈ એક વ્યક્તિ ચુસ્ત અભિગમ અપનાવે છે કે જેમાં એ બાંધછોડ કરવા તૈયાર જ નથી હોતી. જ્યારે એને કોઈ વિચારમાં વિશ્વાસ પેદા થાય છે અથવા કોઈ મુદ્દાને કે અભિપ્રાયને દૃઢ રીતે વળગી રહે છે, ત્યારે એ વિરોધને પેદા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરે છે. જયારે આવી સ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે બેમાંથી એકને અન્ય રીતે વિચારવાને, પ્રભાવિત કે પ્રેરિત કરવા પડે છે. જો આપણામાંના સૌને સત્યનું સાચી વાતનું દર્શન થઈ જાય, તો આવી પરિસ્થિતિ પેદા નહિ થાય. અને ત્યારે જ એ બાબતે માત્ર શાબ્દિક દૃઢ વિશ્વાસ કે કેવળ બૌદ્ધિક તર્કથી લેવાયેલ નિર્ણય નહિ હોય. પરંતુ સત્યનો બોધ હશે. જો આપણને સત્યનું દર્શન નથી થતું તો પછી ત્યાં વિવાદ થશે જ. આપણા સમગ્ર નિરર્થક તથા વિકૃત કરનારા પ્રયાસો સાથે થનારી સહમતિ કે અસહમતિ જ રહેશે. એ જરૂરી છે કે આપણે સાથે મળીને એકજૂટ થઈને કાર્ય કરીએ, માનો કે આપણે સાથે મળીને કોઈએક ભવનનું નિર્માણ કરી રહ્યા છે, પરંતુ આપણામાંના કોઈએક બનાવી રહ્યા છે અને બીજો તેને તોડવા માગે છે, તો ભવનનું નિર્માણ નહિ થાય. એટલે આપણામાંના સૌને એ સ્પષ્ટ થઈ જવું જોઈએ. આપણે એવા શિક્ષણની કેળવણીની જરૂરિયાતને જોઈ શકીએ છીએ, સમજી શકીએ છીએ કે જો આનું શિક્ષણ વિકસિત કરીએ કે જે એક નવી પેઢીનું નિર્માણ કરે. એવી પેઢી કે જે જીવનના પ્રશ્નોને સમગ્રતાપૂર્વક ઉકેલવા સર્મથ હોય અને નહિ કે એને અલગ અલગ ખંડોમાં વહેંચે કે જે સમગ્રથી જોડાયેલા ન હોય.

આ રીતે પારસ્પરિક સહયોગમય પદ્ધતિથી કાર્ય કરવા કાજે આપણે સૌ અવાનનવાર મળતાં રહેવું જોઈએ અને એવી સાવધાની પણ રાખવી જોઈએ કે વસ્તુ-વિષયના વિસ્તારમાં કે વ્યવસ્થામાં જ ખોવાઈ ન જઈએ, મૂળભૂત મુદ્દાને વિસરી ન જઈએ. આપણામાંથી જેઓ શિક્ષણને, કેળવણીને યોગ્ય દિશામાં લઈ જવા ઈચ્છે છે, એ માટે સમર્પિત છે એવા લોકો પર કેવળ એવી જવાબદારી નથી કે તે એને કાર્યનું, પ્રવૃતિનું સ્વરૂપ આપે, જેને આપણે સમજી લીધું છે, એટલું જ નહિ બલ્કે એમણે એ પણ સમજવું પડશે કે બધાને જ એવો બોધ, એવી સમજણ ન પણ હોય. જો શિક્ષણને વ્યવસાય કહીએ કે ઉદ્યોગ કહીએ તો શિક્ષણ એક અતિ શ્રેષ્ઠ વ્યવસાય કહી શકાય. શિક્ષણ-કળા માટે બહુ મોટી બૌદ્ધિક ક્ષમતાની આવશ્યકતા નથી પરંતુ અતિ મહત્ત્વની જરૂરીયાત અનંત ધૈર્ય તથા પ્રેમ જરૂરી છે. સાચા અર્થમાં શું શિક્ષિત હોવાનો અર્થ એવો નથી કે સઘળી વસ્તુઓની સાથે સંબંધોના સઘળી વસ્તુઓ એટલે કે ધન, સંપત્તિ, લોકો, પ્રકૃતિ વિગેરે અસ્તિત્વના વિશાળ ક્ષેત્રોની સઘળી વસ્તુઓ સાથે આપણા સંબંધોનો બોધ હોય, સમજણ હોય !

સૌંદર્ય એ કેવળ આકાર, માપો, રૂચિ તથા વ્યવહાર જ નથી. સૌંદર્ય તો મનની એવી સ્થિતિ છે જેમાં સરળતાના આવેગને કારણે "સ્વ"નું વિસર્જન થઈ ગયું છે. આ સરલતા અને સાદગીનું કોઈ લક્ષ્ય નથી હોતું અને એ સરલતા ત્યાં હોય છે જ્યાં એવો સંયમ હોય કે જે સુચરિત અનુશાસન અને આત્મનિષેધનું પરિણામ નથી. આ સંયમ આત્મવિસર્જન છે જેનો જન્મ પ્રેમથી જ થઈ શકે. આ પ્રેમના અભાંવમાં આપણે એક એવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસ્કૃતિનું નિર્માણ કરીએ છીએ, જેમાં સરલ આત્મવિસર્જનના સંયમ અને એની જીવંતતા વિના કેવળ રૂપ અને આકારના સૌંદર્યની શોધ કરવામાં આવે છે. જ્યાં આદર્શો, શ્રદ્ધા, માન્યતા તથા સારાં કાર્યમાં પોતાનું બલિદાન કરાય છે ત્યાં આત્મવિસર્જન થતું નથી. આ ક્રિયાઓ અહમ્‌થી મુક્ત છે એવો ભાસ થાય છે, પરંતુ વાસ્તવમાં તો ત્યાં પણ, અહમ્ વિભિન્ન નામોના આવરણ નીચે કાર્યરત હોય છે. માત્ર સ્વસ્થ અને નિર્દોષ મન જ 'અજ્ઞાત'ની ખોજ કરી શકે છે. પરંતુ સુવિચારિત નિશ્ચલતા અને સાદગી, જેમ એક સાધુ કે ફકીરના વેશમાં કદીય એ આત્મવિસર્જનના આવેગની પાસે જઈ શકતી નથી કે જેમાં શિષ્ટતા, સજ્જનતા, વિનમ્રતા અને ધીરજ હોય કે જે પ્રેમની જ અભિવ્યક્તિઓ છે.

આપણે સુંદરતાને કેવળ એ વસ્તુઓ દ્વારા જ જાણીએ છીએ જે કેવળ બનાવવામાં આવી છે અથવા તો જોડીને મુકવામાં આવી છે - પછી ભલે ને એ માનવરૂપની સુંદરતા હોય કે ક્યાંતો કોઈ મંદિરની હોય. આપણે કહીએ છીએ કે પેલું ઝાડ, પેલું મકાન, પેલી નદી કે જે પહોળા પટથી વળાંક લઈ રહી છે, એ સુંદર છે. અને તુલના કરવાને કારણે આપણે એવી વસ્તુઓને પણ જાણીએ છીએ કે જે સુંદર નથી- ઓછામાં ઓછું આપણને એટલું તો લાગે છે કે આપણે એને જાણીએ છીએ. શું સુંદરતા તુલનાત્મક છે ? શું સુંદરતા એ છે કે જે પ્રત્યક્ષ અથવા તો સાકાર બનાવાઈ છે ? આપણે કહીએ છીએ કે આ કવિતા, ચિત્ર, મુખ સુંદર છે કારણકે આપણને જે શીખવવામાં આવ્યું છે એ મુજબ આપણે એમ પહેલેથીજ જાણીએ છીએ, સમજીએ છીએ, અથવા તો એનાથી પરિચિત છે, અથવા તો એના વિશે એક ધારણા બનાવી છે. અને શું તુલનાને કારણે સુંદરતાનો અંત આવી જતો નથી ? શું સુંદરતાનો અર્થ માત્ર 'જ્ઞાત', 'જાણીતી' થી પરિચિત થવું અથવા અસ્તિત્વની એવી અવસ્થા છે કે જેમાં કોઈ સાકાર સ્વરૂપ હોઈ પણ શકે અને ન પણ હોય !

આપણે સદાય સુંદરતાની પાછળ પડીએ છીએ અને કુરુપતાથી બચવા ઈચ્છીએ. અને આ એકથી બચવું અને બીજામાં સમૃદ્ધિને શોધવી અનિવાર્યરીતે સંવેદનહીનતા પેદા કરશે. સુંદરતાને સમજવા અને અનુભવ લેવા કાજે, તથાકથિત સુંદરતા તેમજ તથા કથિત કુરુપતા બંને પ્રતિ સંવેદનશીલતા નિશ્ચિતરૂપે જરૂરી છે. એક ભાવના સુંદર કે કુરુપ નથી હોતી, એ તો કેવળ ભાવના માત્ર છે. જ્યારે આપણે આપણા ધાર્મિક અને સામાજિક સંસ્કારોથી એને જોઈએ છે, સમજીએ છીએ ત્યારે આપણે કહીએ છીએ કે આ સારી ભાવના છે, આ ખરાબ ભાવના છે અને આ રીતે આપણે ભાવનાઓને વિકૃત કે નષ્ટ કરી દઈએ છીએ. પરંતુ એવી ભાવના કે જેના પર સારી કે ખરાબનું નામ લગાડાતું નથી એ ભાવના અતિગહન અને ઉત્કટ રહે છે. આ એ જ ઉત્કટતાનો આવેગ છે જે એ ચીજને સમજવા માટે જરૂરી છે કે જે ન તો પ્રકટ સાકાર સૌંદર્ય છે કે ન તો કુરુપતા છે.

 Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે બાબત પર આપણે ભાર દઈ રહ્યા છે, તે છે નિરંતર ટકી રહેનારો ભાવ, અર્થાત્ એક આવેગ જે કેવળ 'સ્વ'ની પરિતુષ્ટિની વાસના જ નથી. આ આવેગ સુંદરતાની સૃષ્ટિ રચે છે અને એ અતુલનીય છે, એટલા માટે એનાથી વિપરિત નથી.

કેમકે આપણે માનવીનો સંપૂર્ણ વિકાસ ઈચ્છીએ છીએ, એટલા માટે આપણે કેવળ ચેતન મનનું જ ધ્યાન નથી રાખવાનું, બલ્કે અચેતન મનનું પણ ધ્યાન રાખવાનું છે. અચેતનને સમજયા વિના કેવળ ચેતનની કેળવણી, માનવજીવનમાં દુઃખ તેમજ નિરાશાભર્યા પરસ્પર વિરોધ પેદા કરે છે. બાહ્ય મનની અપેક્ષાએ, અંદર છુપાએલું મન, કેટલુંય અધિક જીવંત હોય છે. ઘણાંય શિક્ષકો એવી બાહ્ય ધુરી પર જ મનને શિક્ષિત કરવા તરફ ધ્યાન આપે છે તથા એની જ જાણકારી આપે છે, જેને જ્ઞાન કહેવાય છે, જેનાથી કોઈ આજીવિકા મેળવી લે, અને એ પોતાને સમાજને અનુકુળ બનાવી લે. આમ છુપાયેલા મનને કદી સ્પર્શ પણ કરતા નથી. સઘળા શિક્ષકો આજ સુધી જે કંઈ કર્યું છે એ બસ એટલું એ જ કે તાંત્રિક વિદ્યા જ્ઞાનનો એક ભાગ મન પર થોપ્યો છે અને એને વિવિધ વાતાવરણને અનુકુળ થવાની ક્ષમતા આપી છે.

પરંતુ, કેમ કે આપણે માનવીનો સમગ્ર વિકાસ ઝંખીએ છીએ, એટલા માટે એ જરૂરી છે કે, આપણે એ છુપાયેલા મનની સ્થિતિને પણ સમજીએ. બાહ્ય મનને આપણે ગમે તેટલું શિક્ષિત કરીએ કે સામંજસ્ય હેતુ માટે પણ સમર્થ બનાવીએ, પણ એ મનની અપેક્ષાએ આ છુપાયેલું મન ઘણું જ શક્તિશાળી હોય છે. અપ્રગટ મન કોઈ અતિ રહસ્યપૂર્ણ ચીજ નથી. એ ચોક્કસપણે વંશીય જાતીય સ્મૃતિઓનો સંગ્રહ છે. - ધર્મ, અંધવિશ્વાસ, પ્રતીક, કોઈ વિશેષ જાતિની પરંપરા, એના સાહિત્યનો પ્રભાવ, પછી ભલે તે પવિત્ર હોય કે અપવિત્ર, આ એક કોષ, ગ્રંથી છે - કોઈ એક વિશેષ સમૂહના સામુહિક પ્રભાવની, જેની પોતાની જ વિશેષ પરંપરાઓની સાથે આકાંક્ષાઓ, તેમજ નિરાશાઓ, વિશિષ્ટ રીત-રિવાજો, વ્યવહારો અને ભોજનના વિવિધ પ્રકાર છે.

આપણા ઉદ્દેશોની સાથે પ્રગટ તથા અપ્રગટ ઈચ્છાઓ નિરાશાઓ તેમજ એની આશાઓ, ભય છૂપું દુઃખ તથા સુખ અને વિશ્વાસની સુરક્ષાની આકાંક્ષાઓ દ્વારા જીવિત રહે છે તથા જે વિભિન્ન સ્વરૂપમાં પરિણમે છે - એનો પણ એક સંગ્રહ છે. અપ્રકટ મન આ સઘળા અતિતના અવશેષોના સંગ્રહની પણ અસાધારણ ક્ષમતા રાખવા ઉપરાંત એ તો ભવિષ્યને પ્રભાવિત કરવાની પણ ક્ષમતા ધરાવે છે. આ સઘળું એ પોતાના સ્વપ્નોના માધ્યમથી અભિવ્યક્ત કરતું રહે છે અને જ્યારે દૈનિક ઘટનાઓમાં બાહ્ય મન પૂરેપૂરું રોકાયેલું નથી હોતુ તો એને વિભિન્ન રીતે આ બધાંની જાણકારી મળે છે. આ અપ્રગટ મન ન તો કોઈ પવિત્ર ચીજ છે કે ન તો કોઈ એવી ચીજ છે જેને ભયની ખબર હોય, અને ન તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
તે બાહ્ય મન પ્રતિ ખુલ્લા થવાને માટે કોઈ વિશેષજ્ઞની માંગણી કરતું હોય. અચેતન મન પાસે અધિક શક્તિ હોવાને કારણે જ ચેતન મન એની સાથે જે ચાહે તે કરાવી શકતું નથી. પોતાના અચેતન ભાગની તુલનામાં ચેતન મન અધિક શક્તિહીન છે. એના પર પ્રભાવ જમાવવા એ ગમે તેટલા પ્રયાસો કેમ ન કરે, પણ એને આકાર આપવાનો, તથા એના પર નિયંત્રણ કરવાનો પ્રયાસ કેમ ન કરે, પરંતુ આપણી તાત્કાલિક સામાજિક માંગો તથા ક્રિયા-કલાપને કારણે એ અચેતન મનની શક્તિને કેવળ વિભાજીત કરી શકે છે. આમ અપ્રકટ અને પ્રકટ મનમાં ખાઈ, વિરોધ પેદા થાય છે. આપણે આ ખાઈથી બચવાને માટે અનુશાસનથી વિભિન્ન અભ્યાસોથી કે બળપ્રયોગ વિગેરે ઉપાયો દ્વારા પ્રયત્ન કરીએ છીએ, પરંતુ આ રીતે એનાથી છુટકારો મેળવી શકાતો નથી. કેમ કે ચેતન મન કેવળ "તાત્કાલિક"માં - સીમિત વર્તમાનમાં - વ્યસ્ત છે જ્યારે અચેતન મન યુગોના ભારથી લદાયેલ છે, કે જે તાત્કાલિક જરૂરિયાતથી દૂર કરી શકાતું નથી. આ અચેતન મન અનેક યુગોના ગુણો ધરાવે છે. આધુનિક સંસ્કૃતિથી મુક્ત બાહ્ય મન પોતાની ક્ષણિક ઉત્કટ જરૂરિયાતો અનુસાર તેનો સામનો કરી શકતું નથી. એટલા માટે પરસ્પર વિરોધને સંપૂર્ણ નષ્ટ કરવા માટે બાહ્ય મને આ તથ્ય સમજવું પડશે અને નિશ્ચિતરૂપે જાણવું પડશે. એનો અર્થ એવો નથી કે અજાગ્રત મનની અસંખ્ય પ્રવૃત્તિઓને તક અપાય. જ્યારે અજાગ્રત અને જાગ્રત વચ્ચે વિરોધ હોતો નથી ત્યારે અજાગ્રત 'તત્કાળ'નો ઉલ્લંઘન નથી કરતું કેમકે અજાગ્રતની પાસે સમયની ધીરજ છે.

આ અજાગ્રત અજ્ઞાત અને અબૂધ મન તથા એની આ ધરીનો બાહ્ય હિસ્સો જેને 'શિક્ષિત' કરવામાં આવ્યો છે તે તાત્કાલિક વર્તમાનનાં પડકારો અને માંગોના સંપર્કમાં આવે છે. બાહ્ય મન પડકારોનો યોગ્ય ઉત્તર આપી પણ શકે છે, પરંતુ કેમકે જાગ્રત અને અજાગ્રત વચ્ચે એક પરસ્પર વિરોધ હોવાથી જાગ્રત મનનો કોઈપણ અનુભવ કેવળ અજાગ્રત અને જાગ્રત મન વચ્ચે સંઘર્ષ વધારે છે, એ આગળ વધીને બીજા અનુભવો લાવે છે. પરિણામે વર્તમાન અને અતીત વચ્ચેની ખાઈ વધુ પહોળી થાય છે. બાહ્ય મન, અજાગ્રત મન-આભ્યંતર અને અજાગ્રતને સમજ્યા વિના, બાહ્યનો અનુભવ કરતું જાય છે. તેમ એનાથી કેવળ વધુને વધુ વ્યાપક તથા ઊંડો સંઘર્ષ પેદા થાય છે. અનુભવો મનને ન તો મુક્ત કરે છે કે - ન તો સમૃદ્ધ કરે છે. જેમ કે આપણે ભાગ્યેજ વિચારીએ છીએ કે જ્યાં સુધી અનુભવ, અનુભવકર્તાને બળવાન બનાવતા રહે છે ત્યાં સુધી તો સંઘર્ષ ચાલુ જ રહેશે. સંસ્કારગ્રસ્ત મન પોતાની અનુભૂતિઓથી કેવળ સંસ્કારગ્રસ્તતાને જ બળ આપતું રહે છે. અને આ રીતે એ કેવળ સંઘર્ષ અને દુઃખો જ વધારતું રહે છે. કેવળ એવા મન માટે અનુભવનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri
આધાર, મુક્તિનું સાધન બની શકે કે જે પોતાના સમગ્ર વ્યવહાર અને ક્રિયા-પ્રતિક્રિયાઓને સમજવા સક્ષમ હોય, જાગ્રત હોય.

જ્યારે અપ્રગટ મનનાં સઘળાં કરતૂતોની ક્ષમતાઓ અને શક્તિઓનું અવલોકન અને બોધ સમજણમાં ઉતરે ત્યારે એના વિસ્તાર તથા બારીકીઓની ખૂબી સમજદારી સાથે વિચારી શકાય. અતિમહત્ત્વની બાબત અજાગ્રત મન વિશેની સમજ છે. કેવળ જ્ઞાન મેળવવા માટે માત્ર ઉપરછલ્લા બાહ્ય મનની કેળવણી ગમે તેટલી જરૂરી હોય તેમ છતાં પૂરતી નથી. અજાગ્રત મનની આ સમજ સમગ્ર મનને દ્વંદ્વથી મુક્ત કરે છે અને ત્યારે પ્રજ્ઞાનો પ્રાદુર્ભાવ થાય છે.

કેમકે આપણે માનવીનો સમગ્ર વિકાસ ઈચ્છીએ છીએ, આપણે કેવળ દૈનિક ક્રિયાઓમાં વ્યસ્ત રહેતા જાગ્રત મન માટે બધી શક્તિઓ ખર્ચવી નથી બલ્કે એ અજાગ્રત મનને પણ સમજવું છે. કેમકે અજાગ્રત મનને સમજવામાં જ સમગ્રતાપૂર્વક જીવવું શક્ય બનશે, જેમાં મનની પ્રસન્નતા અને પીડાનો આંતરવિરોધ સમાપ્ત થઈ જાય છે. અજાગ્રત મનનાં કાર્યો પ્રત્યે જાગ્રત હોવું અને એનાથી પરિચિત થવું જરૂરી છે પણ સાથે એ પણ એટલું જ જરૂરી છે કે એમાં આપણે ખોવાઈ ન જઈએ કે તેને બિનજરૂરી મહત્ત્વ ન આપીએ.

જ્યારે મન, જાગ્રત અને અજાગ્રત બંનેની મર્યાદાઓ સમજી લે છે ત્યારે એ એની સીમાઓની બહાર જઈ શકે છે અને એ નિજાનંદને પામી શકે છે કે જે સમયની ઉપજ નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિધ્વંસના કિનારે ઊભેલ આ સંસારમાં સંપૂર્ણ જીવનની ઊંડી સમજણથી ઉપજેલ એક સંપૂર્ણ ભિન્ન પ્રકારની નૈતિકતા અને આચરણની અતિ આવશ્યકતા છે, એમ જે. કૃષ્ણમૂર્તિ જોર દઈને કહે છે. બધાજ પ્રકારની રાજનૈતિક, આર્થિક અનેં સામાજિક ક્રાંતિઓ આ દિશામાં નિષ્ફળ રહી છે. તેમ છતાં એક મૌલિક ક્રાંતિ છે જે આપણા માનસના મૂળભૂત પરિવર્તન સાથે સીધો સંબંધ ધરાવે છે, જેની શરૂઆત સમ્યક શિક્ષણ અને માનવીના સમગ્ર વિકાસથી થાય છે.

જે. કૃષ્ણમૂર્તિનું અંગ્રેજીમાં એક મહત્ત્વપૂર્ણ પુસ્તક છે, "લાર્નિંગ અહેડ". આ પુસ્તકની પ્રસ્તાવનાનો હિંદી અનુવાદ "સીખને કી કલા" થયેલ છે. જેનો આ ગુજરાતી અનુવાદ "શીખવાની કળા" રૂપે પ્રકાશિત કરેલ છે. સમ્યક કેળવણી અને સમગ્ર વિકાસમાં "શીખવું" એ સર્વોપરી અતિ મહત્ત્વની પ્રક્રિયા છે. શ્રી જે. કૃષ્ણમૂર્તિના ચિંતન અનુસાર શીખવાનો ઉદ્દેશ કેવળ જાણકારીનો સંગ્રહ કરવાનો નથી. બલ્કે ઊંડી સમજ અને કોઈપણ બાબતને કેવળ એને માટે જ કરવાનો અનુરાગ હોવો મહત્ત્વનો છે, એટલે વસ્તુતઃ "શીખવાની" પ્રક્રિયામાં ન તો તુલનાત્મક મૂલ્યાંકનનું કોઈ સ્થાન હોય છે કે ન તો કોઈપણ પ્રકારની સત્તાનું. અહિં તો શિક્ષક અને વિદ્યાર્થી બંને પરસ્પર સાથે મળીને શીખે છે અને જીવનની સમગ્રતાને સમજે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi